# મનમાં કંડારેલી દુનિયાને ચિત્રોમાં ઉતારનાર કલાકાર
# સ્ટીફન વિલ્ટશાયર





**https://www.youtube.com/watch?v=TO0GokjEri8**

આ ઓક્ટોબર મહિનો છે.આ મહિને જિંદગીના ૭૭ વર્ષ હું પૂરા કરીશ ત્યારે મારા સ્મૃતિપટ પર આર. આર. હોસ્પિટલ, લીંબડી, વી. એસ. હોસ્પિટલ, અમદાવાદ અને હરકિશનદાસ હોસ્પિટલ, મુંબઈમાં ૧૧ વર્ષના જનકને લઈને હાંફળી-ફાંફળી હડિયા પટ્ટી કાઢતી મારી મા નજરે ચડે છે. કદાચ જેને કલ્પના ન હતી કે હું પગ પર ઉભો થઈને રોટલો રળતો થઈ શકીશ, ડોક્ટર બનીશ, કુટુંબ-કબીલા વાળો થઈશ અને ૭૭ વર્ષનું આયુષ્ય ભોગવીશ, તે મા માટે મારી ચામડીના જોડા સીવડાવું તો પણ તેનું ઋણ હું આજની ઘડી સુધી ચૂકવી શકીશ નહી તેવું મારું માનવું છે. આજનો અમારો આ લેખ તે વ્હાલસોઈ માને સમર્પિત છે.

આ કહાની કોઈ મોટા પુરસ્કારથી શરૂ થતી નથી. આ કહાની છે એક માતાની - એવી માતાની, જેના ખોળામાં એક એવું બાળક આવ્યું જે દુનિયાને સામાન્ય ભાષામાં પોતાની વાત કહી શકતું નહોતું. પણ... એ માતાએ હાર માની નહીં. આ કહાની છે એક એવા બાળકની જે નાનપણથી જ મુશ્કેલીઓ સામે લડતો રહયો હતો. માત્ર ત્રણ વર્ષની ઉંમરે તેને ઓટિઝમ (સ્વમગ્નતા) હોવાનું નિદાન થયું. તે બોલતા નહોતો. કલ્પના કરો કે એક માતા પોતાના બાળકની આંખોમાં જુએ, તેને કંઈક કહેવું છે એવું અનુભવે, પરંતુ શબ્દો બહાર ન આવે ત્યારે માતાના મનમાં કેટલાય પ્રશ્નો ઊઠતા હશે?"મારું બાળક મોટું થશે ત્યારે શું થશે? એ પોતાની વાત કેવી રીતે કહેશે? હું એની દુનિયા કેવી રીતે સમજીશ?" જવાબ કદાચ કોઈ પાસે નહોતો. પરંતુ માતા પાસે એક જવાબ ચોક્કસ હતો કે "ગમે તે થાય, હું મારા બાળકને છોડીશ નહીં." પછી એક દિવસ તે બાળકના જીવનમાં પેન્સિલ અને કાગળ આવ્યા અને જાણે તેમના મૌનને અવાજ મળી ગયો. તે ચિત્રો દોરવા લાગ્યો. ઇમારતો, રસ્તાઓ, શહેરો... ધીમે ધીમે તેમની માતાને સમજાયું કે, "મારો દીકરો મૌન નથી; તે પોતાની ભાષામાં બોલે છે." આ બાળક એટલે સ્ટીફન વિલ્ટશાયર. સ્ટીફનની પેન્સિલ જ તેમની ભાષા બની ગઈ. આગળ જતાં તેની અદ્ભુત દૃશ્ય સ્મૃતિ અને ચિત્રકળાએ આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું. અહીંથી શરૂ થાય છે સ્ટીફનની કહાની. એક બાળકની, એક માતાની અને એક પેન્સિલની; એવી પેન્સિલની, જેણે એક દિવસ આખી દુનિયા સાથે વાત કરવાનું શરૂ કર્યું. એક બાળક... જે બોલી શકતું નહોતું... એક માતા... જે તેની અંદરની ભાષા શોધવા તૈયાર હતી... અને એક પેન્સિલ... જે આખરે દુનિયા સાથે વાત કરવા લાગી.

આજે હું દરેક એવી માતાને નમન કરું છું, જે પોતાના બાળક માટે રાતે ચિંતામાં જાગે છે... જે ડોક્ટરની મુલાકાત પછી હજાર પ્રશ્નો લઈને ઘરે આવે છે... જે પોતાના બાળકની નાની પ્રગતિમાં મોટી ખુશી શોધે છે... જે ક્યારેક એકલી રડે છે... પણ બીજા દિવસે બાળક સામે હસીને કહે છે કે"ચાલ બેટા... ફરી પ્રયત્ન કરીએ." આ માતાઓ કદાચ કોઈ મંચ પર નથી આવતી. તેમને કદાચ કોઈ મેડલ મળતો નથી. કોઈ અખબારમાં તેમની તસવીર આવતી નથી. પરંતુ... તેમના બાળકની દરેક નાની જીતની પાછળ એક અદૃશ્ય માતાની મોટી જીત છુપાયેલી હોય છે....અને તેથી આજે... આપણે માત્ર સ્ટીફન વિલ્ટશાયરને નહીં, પરંતુ દરેક એવી માતાને સલામ કરીએ કે જેણે દુનિયા જેની શંકા કરતાં હતા તેવા પોતાના બાળક પર વિશ્વાસ કર્યો. કારણ કે...

"ક્યારેક બાળકને દુનિયા સુધી પહોંચાડવા માટે,
માતાને આખી દુનિયા સામે ઊભું રહેવું પડે છે."

"ક્યારેક બાળક પાસે દુનિયાની ભાષા ન હોય, પરંતુ તેની પોતાની એક ભાષા હોય છે. કોઈ માટે એ શબ્દો હોય છે, કોઈ માટે સંગીત, કોઈ માટે ગણિત, અને સ્ટીફન વિલ્ટશાયર માટે એ ભાષા હતી - ચિત્રકલા." "બાળકમાં શું નથી, એ જોવાને બદલે, બાળકમાં શું છે, એ શોધવાની જરૂર છે."

વિચાર કરો... એક નાનું બાળક, જે પોતાની વાત શબ્દોમાં કહી શકતું નથી... માતા માટે એ ક્ષણો કેટલી મુશ્કેલ હશે? બાળક શું અનુભવે છે? તે શું વિચારે છે? તેને શું જોઈએ છે? ઘણા પ્રશ્નો... પણ જવાબ મળતો નહોતો. અને એવા સમયે સ્ટીફની માતા જિનીવા વિલ્ટશાયસરે એક ખૂબ જ મહત્વની વાત સમજવાનો પ્રયત્ન કર્યો— “મારો દીકરો બોલી શકતો નથી, એનો અર્થ એ નથી કે તેની અંદર કોઈ વાત નથી.” કદાચ... તેની પોતાની એક ભાષા છે.



એક દિવસ સ્ટીફનએ પેન્સિલ અને કાગળ સાથે સમય પસાર કરવાનું શરૂ કર્યું. અને પછી કંઈક અદ્ભુત જોવા મળ્યું. તે ચિત્રો દોરતા. પરંતુ સામાન્ય રીતે નહીં. તેઓ ઇમારતો, રસ્તાઓ અને શહેરોના દૃશ્યો દોરવામાં અદભુત રસ અને ક્ષમતા બતાવતા. ધીમે ધીમે તેમના પરિવાર અને શિક્ષકોએ સમજવાનું શરૂ કર્યું કે આ બાળકની ભાષા કદાચ શબ્દો નથી...

તેની ભાષા ચિત્રો છે. સ્ટીફનને પ્રોત્સાહન મળ્યું. તેમની માતાએ પણ તેમની આ ક્ષમતાને દબાવી નહીં. તેમને સમજવાનો પ્રયત્ન કર્યો. અને અહીંથી શરૂ થઈ એક અદ્ભુત સફર. વિશેષ બાળકના માતા-પિતા માટે આ વાત ખૂબ મહત્વની છે. ક્યારેક આપણે બાળકને જોઈને વિચારીએ છીએ “મારું બાળક શું નથી કરી શકતું?” પરંતુ કદાચ સાચો પ્રશ્ન છે કે “મારું બાળક શું કરી શકે છે?” કારણ કે દરેક બાળક એકસરખું નથી. કોઈ બાળક શબ્દોથી વાત કરે છે.

કોઈ સંગીતથી. કોઈ રંગોથી. કોઈ ગણિતથી. કોઈ પોતાના વર્તનથી. અને કોઈ... ચિત્રોથી પોતાની આખી વાત દુનિયા કહી દે છે. સ્ટીફન વિલ્ટશાયર સાથે પણ એવું જ થયું. સ્ટીફનની કળા આગળ વધતી ગઈ. તેમણે શહેરોની ઇમારતો અને દૃશ્યોને ખૂબ જ અસાધારણ ચોકસાઈથી દોરવાની ક્ષમતા વિકસાવી. તેમની સૌથી અદભુત વિશેષતા એ હતી કે તેઓ શહેરને ઉપરથી જોયા પછી તેની ઘણી બધી વિગતો યાદ રાખીને દોરી શકતા હતા. એક વખત તેઓ લંડનના દૃશ્યને હેલિકોપ્ટરમાંથી જોયા. પછી તેમણે નીચે બેસીને... વિશાળ કાગળ પર... લંડનનું અદભુત ચિત્ર દોરવાનું શરૂ કર્યું. ઇમારતો... રસ્તાઓ... પુલ... નાની નાની વિગતો... જાણે શહેર તેમની આંખોમાં નહીં, તેમના મનમાં કોતરાઈ ગયું હોય. અને પછી એ બધું કાગળ પર જીવંત થઈ ગયું.





આજે સ્ટીફન વિલ્ટશાયર વિશ્વભરમાં જાણીતા architectural artist છે. તેમની કૃતિઓ અનેક દેશોમાં પ્રદર્શિત થઈ છે. તેમને કલા ક્ષેત્રે તેમની સેવાઓ માટે MBEથી સન્માનિત કરવામાં આવ્યા. પરંતુ મિત્રો... આ સફળતાની શરૂઆત કોઈ મોટા સ્ટુડિયોમાંથી થઈ નહોતી. આ શરૂઆત થઈ હતી એક બાળકથી, એક પેન્સિલથી, એક કાગળથી, અને... એક માતાના વિશ્વાસથી.

આ કહાનીમાં મને સૌથી વધુ સ્પર્શે છે એક વિચાર. સ્ટીફન વિલ્ટશાયરની માતાએ કદાચ ક્યારેય એવું નહીં વિચાર્યું હશે કે "મારો દીકરો એક દિવસ આંતરરાષ્ટ્રીય કલાકાર બનશે." શરૂઆતમાં તેમનું લક્ષ્ય એટલું જ હતું કે "મારા દીકરાને સમજવો છે." અને કદાચ વિશેષ બાળકના માતા-પિતા માટે આ જ સૌથી મોટું કામ છે. બાળકને દુનિયા પ્રમાણે બદલવું નહીં... પહેલા તો... બાળકની દુનિયા સમજવી.

આજે આપણે ઘણીવાર બાળકની સરખામણી કરીએ છીએ. "બીજાનું બાળક આટલું કરે છે..." "બીજાનું બાળક આટલું બોલે છે..." "બીજાનું બાળક આટલું ઝડપથી શીખે છે..." પરંતુ સ્ટીફન વિલ્ટશાયરની કહાની આપણને કહે છે કે તમારા બાળકને બીજા બાળકના માપથી માપશો નહીં. કારણ કે કદાચ તમારું બાળક એવી દિશામાં આગળ વધી રહ્યું છે, જેની કલ્પના પણ આપણે કરી નથી.

વિશેષ બાળકના માતા-પિતાને ઘણી વખત સમાજના પ્રશ્નો સહન કરવા પડે છે. ક્યારેક દયા મળે છે. ક્યારેક અજ્ઞાનતાભરી નજર મળે છે. ક્યારેક લોકો બાળકની મર્યાદા જ જુએ છે. પરંતુ માતા... માતાએ શું જોવું? માતાએ બાળકની મર્યાદા નહીં, તેનામાં રહેલી શક્યતા જોવી જોઈએ.

દુનિયા કહે, "આ બાળક બોલતું નથી."
માતા કહે, "પણ તે ચિત્રો દોરે છે."
દુનિયા કહે, "તે બીજા બાળકો જેવું નથી."
માતા કહે, "હા, તે અલગ છે...
પણ કદાચ આ જ તેની શક્તિ છે."

સ્ટીફન વિલ્ટશાયરની કહાની આપણને કોઈ ચમત્કારની રાહ જોવાનું નથી શીખવતી. તે આપણને એક સરળ વાત શીખવે છે કે બાળકને તક આપો. તેને સમજવાનો સમય આપો. તેની નાની સફળતાને પણ ઉજવો. અને તેની અંદરની ક્ષમતાને ઓળખો. કારણ કે... ક્યારેક એક નાનું ચિત્ર, એક નાનું ગીત, એક નાનું સ્મિત, એક નાનો પ્રયાસ... આગળ જઈને એક આખી દુનિયાની ઓળખ બની શકે છે. આજે દરેક માતા-પિતાને હું એક જ વાત કહેવા માગું છું કે તમારું બાળક કદાચ દુનિયાના નક્કી કરેલા રસ્તે નહીં ચાલે. પરંતુ... તેનો પોતાનો રસ્તો હોઈ શકે છે. તમારું કામ એ રસ્તો શોધવામાં તેની સાથે ચાલવાનું છે.

ધીમે ચાલવું પડે તો ધીમે ચાલો. વારંવાર શીખવવું પડે તો વારંવાર શીખવો. અને જ્યારે દુનિયા કહે કે "આ બાળક શું કરી શકશે?" ત્યારે માતા-પિતાએ પોતાના હૃદયમાં કહેવું કે "મને ખબર નથી કે તે શું કરી શકશે... પણ હું તેને શોધવાની તક જરૂર આપીશ." કારણ કે સ્ટીફન વિલ્ટશાયરની કહાની આપણને યાદ અપાવે છે કે "જ્યારે દુનિયાએ એક મૌન બાળક જોયું, ત્યારે તેની માતાએ એક કલાકાર જોયો." અને કદાચ... દરેક વિશેષ બાળકની અંદર એક એવી જ અનકહી કહાની છુપાયેલી હોય છે. આપણે માત્ર તેને ઓળખવાની જરૂર છે.

સ્ટીફનના જીવનમાં એક દિવસ પેન્સિલ અને કાગળ આવ્યા. અને કદાચ એ દિવસથી તેના મૌનને અવાજ મળ્યો. તે ચિત્રો દોરવા લાગ્યો. ઇમારતો... શહેરો... રસ્તાઓ... અને ધીમે ધીમે માતાને સમજાયું કે "મારો દીકરો મૌન નથી... એ પોતાની ભાષામાં બોલે છે." કેટલી અદ્ભુત વાત છે! જે બાળક શબ્દોથી પોતાની વાત કહી શકતું નહોતું, એ જ બાળક એક દિવસ ચિત્રોથી આખું શહેર બોલતું કરી દેવાનો હતો.

વિશેષ બાળકની માતા બનવું સહેલું નથી. બહારની દુનિયા બાળકને જોઈને ઘણીવાર પહેલા તેની મર્યાદા જુએ છે. પણ માતા? માતા પોતાના બાળકને જોઈને તેની મર્યાદા પહેલાં તેનું ભવિષ્ય જુએ છે. દુનિયા કહે કે "આ બાળક અલગ છે." માતા કહે છે કે "હા... અલગ છે. પણ ઓછું નથી." દુનિયા કહે કે "આ બાળક કદાચ આ નહીં કરી શકે." માતા પોતાના હૃદયમાં કહે છે કે "હજુ તો એને તક આપી જ ક્યાં છે?" સ્ટીફનની માતા માટે પણ આ સફર કદાચ એક દિવસમાં સરળ બની ગઈ નહોતી. બાળકને સમજવું... તેની ક્ષમતા શોધવી... તેને યોગ્ય દિશા આપવી... અને સૌથી અગત્યનું એ હતું કે તેના માટે આશા જીવંત રાખવી. આ બધું એક માતા માટે પણ એક લાંબી યાત્રા જેવું હતું. ક્યારેક આશા... ક્યારેક ચિંતા... ક્યારેક આનંદ... ક્યારેક આંખોમાં આંસુ... અને ફરી બીજા દિવસે... "ચાલ, આજે ફરી પ્રયત્ન કરીએ." આ જ તો માતૃત્વ છે.

અને પછી...સ્ટીફનની કળા દુનિયાની નજરે આવવા લાગી. તેમની સૌથી અદ્ભુત ક્ષમતાઓમાંની એક એ હતી કે કોઈ શહેરને ઉપરથી જોયા પછી તેની અસંખ્ય વિગતો યાદ રાખવી અને પછી તેને ચિત્રમાં ઉતારવી. લંડન હોય... ટોકિયો હોય...રોમ હોય... અથવા ન્યૂયોર્ક... તેમના મનમાં શહેર જાણે સચવાઈ જતું. અને પછી પેન્સિલ કાગળ પર ચાલતી... અને... એક આખું શહેર જન્મ લેતું. વિચાર કરો... એક સમય હતો જ્યારે લોકો પૂછતા હતા કે “આ બાળક બોલશે ક્યારે?” અને પછી એક સમય આવ્યો જ્યારે આખી દુનિયા તેના ચિત્રો જોવા માટે ઊભી રહી. એક સમય હતો જ્યારે કદાચ તેની માતા પોતાના બાળકનું ભવિષ્ય વિચારીને ચિંતિત થતી હતી. અને પછી એક દિવસ તે જ બાળક આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખાતો કલાકાર બન્યો. સ્ટીફનને કલા ક્ષેત્રે સેવાઓ માટે MBEથી સન્માનિત કરવામાં આવ્યો. પરંતુ મને લાગે છે... સ્ટીફનની માતા માટે સૌથી મોટું સન્માન એ નહોતું. તેની માતાનું સૌથી મોટું સન્માન કદાચ એ હતું કે “મારો દીકરો હવે પોતાની દુનિયા પોતાની રીતે દુનિયાને બતાવી શકે છે.” આ વાત દરેક માતા-પિતાને કહેવી ખૂબ જરૂરી છે.

તમારા બાળકનું ભવિષ્ય આજની તેની સ્થિતિથી નક્કી થતું નથી. આજે તે એક શબ્દ બોલતો નથી... એનો અર્થ એ નથી કે તેની અંદર કોઈ કહાની નથી. આજે તે સામાન્ય રીતે ચાલતો નથી... એનો અર્થ એ નથી કે તે જીવનમાં આગળ વધી શકશે નહીં. આજે તે શાળાના બીજા બાળકો કરતાં અલગ છે... એનો અર્થ એ નથી કે તેમાં કોઈ વિશેષતા નથી. કદાચ આપણે હજી તેની ભાષા શોધી નથી. કોઈ બાળક માટે ભાષા શબ્દો હોય છે. કોઈ માટે સંગીત. કોઈ માટે રંગ. કોઈ માટે ગણિત. કોઈ માટે કમ્પ્યુટર. કોઈ માટે હાથની કારીગરી. અને સ્ટીફન માટે... પેન્સિલ તેની ભાષા બની. એટલે હું દરેક માતા-પિતાને એક વિનંતી કરું છું કે તમારા બાળકને માત્ર એ ન શીખવો કે “દુનિયા શું અપેક્ષા રાખે છે.” પહેલા એ શોધો કે “મારા બાળકની પોતાની દુનિયા શું કહેવા માગે છે?” અને જો ક્યારેક થાકી જાઓ... જો ક્યારેક આંખોમાં આંસુ આવી જાય... જો ક્યારેક મનમાં પ્રશ્ન આવે કે “હું કેટલું કરી શકીશ?” તો પોતાને એક વાત કહેજો કે “મારે આખી જિંદગીનો રસ્તો આજે પાર નથી કરવો.” આજે માત્ર એક પગલું. કાલે બીજું. આજે બાળકને એક નવી વસ્તુ શીખવવી. કાલે ફરી પ્રયત્ન કરવો... અને આ નાનાં નાનાં પગલાંમાંથી જ એક દિવસ મોટી સફર બને છે.

મને લાગે છે..વિશેષ બાળકના માતા-પિતાની સાચી જીત એ દિવસે નથી થતી જ્યારે બાળકને કોઈ મોટો પુરસ્કાર મળે. સાચી જીત તો એ દિવસે થાય છે જ્યારે માતા પોતાના બાળકને જોઈને કહે છે કે “હવે મને તારી મર્યાદા કરતાં તારી ક્ષમતા વધારે દેખાય છે.” સ્ટીફનની કહાની આપણને આ જ શીખવે છે. એક બાળક... જે બોલી શકતું નહોતું... એક માતા... જે તેની અંદરની ભાષા શોધવા તૈયાર હતી... અને એક પેન્સિલ... જે આખરે દુનિયા સાથે વાત કરવા લાગી. આજે હું દરેક એવી માતાને નમન કરું છું, જે પોતાના બાળક માટે રાતે ચિંતામાં જાગે છે... જે ડોક્ટરની મુલાકાત પછી હજાર પ્રશ્નો લઈને ઘરે આવે છે... જે પોતાના બાળકની નાની પ્રગતિમાં મોટી ખુશી શોધે છે... જે ક્યારેક એકલી રડે છે... પણ બીજા દિવસે બાળક સામે હસીને કહે છે કે“ચાલ બેટા... ફરી પ્રયત્ન કરીએ.” આ માતાઓ કદાચ મંચ પર નથી આવતી. તેમને કદાચ કોઈ મેડલ મળતો નથી. કોઈ અખબારમાં તેમની તસવીર આવતી નથી. પરંતુ... તેમના બાળકની દરેક નાની જીતની પાછળ એક અદૃશ્ય માતાની મોટી જીત છુપાયેલી હોય છે....અને તેથી આજે... આપણે માત્ર સ્ટીફન વિલ્ટશાયર ને નહીં, પરંતુ દરેક એવી માતાને સલામ કરીએ કે જેણે દુનિયા જેની શંકા કરતાં હતા તેવા પોતાના બાળક પર વિશ્વાસ કર્યો. કારણ કે...





વિશ્વવિખ્યાત સ્થાપત્ય-ચિત્રકાર સ્ટીફન વિલ્ટશાયરની અસાધારણ પ્રતિભાની વાત કરીએ ત્યારે તેમની અદભુત યાદશક્તિ, તેમની પેન્સિલ અને તેમની કલાની વાત તો થાય જ છે. પરંતુ આ પ્રતિભાની પાછળ એક એવી વ્યક્તિ હતી, જેણે કોઈ પ્રસિદ્ધિની અપેક્ષા વિના, વર્ષો સુધી મૌન રહીને આ પ્રતિભાને સાચવી, સંભાળી અને દુનિયા સુધી પહોંચાડવામાં પોતાનું આખું જીવન સમર્પિત કર્યું હતું. એ હતી—તેમની માતા જિનીવા વિલ્ટશાયર.

જિનીવા માત્ર સ્ટીફનને ઉછેરનાર માતા નહોતી. તે તેમની પ્રથમ રક્ષક, પ્રથમ માર્ગદર્શક અને સૌથી મજબૂત આધારસ્તંભ હતી. સ્ટીફન માત્ર ત્રણ વર્ષના હતો ત્યારે તેમના જીવનમાં એક પછી એક બે મોટા આઘાત આવ્યા. તેને ઓટિઝમ હોવાનું નિદાન થયું અને એ જ વર્ષે તેમના પિતા કોલ્વિનનું એક દુઃખદ મોટરસાઇકલ અકસ્માતમાં અવસાન થયું. સેન્ટ લુસિયાની વતની જિનીવા અચાનક જ વિધવા બની ગઈ. તેમની સામે હવે બે બાળકો - સ્ટીફન અને તેમની મોટી બહેન એનેટના ઉછેરની સંપૂર્ણ જવાબદારી હતી. આજના સમયની જેમ ત્યારે ઓટિઝમ વિશે પૂરતી સમજ નહોતી. ન પૂરતું માર્ગદર્શન, ન સરળતાથી ઉપલબ્ધ માહિતી અને ન કોઈ સુવ્યવસ્થિત સહાય-વ્યવસ્થા. અને એ બધાની વચ્ચે જિનીવાએ એકલી માતા તરીકે પોતાના પરિવારને સંભાળ્યો.

પરંતુ પડકાર માત્ર એટલો જ નહોતો. નાનપણમાં સ્ટીફન સંપૂર્ણપણે બિનવાચાળ હતા. તેઓ આંખમાં આંખ મિલાવતા નહોતા. કોઈ તેમને સ્પર્શે તો ઘણી વાર તીવ્ર અસ્વસ્થતા વ્યક્ત કરતા. સામાન્ય શાળાઓએ પણ તેમને સ્વીકાર્યા નહીં. તેમની જરૂરિયાતોને "ખૂબ જ ગંભીર અને જટિલ" ગણવામાં આવી. પરંતુ જ્યાં અન્ય લોકો માટે સમસ્યા હતી, ત્યાં એક માતા માટે પોતાનું બાળક હતું. જિનીવાએ પોતાના પુત્રને કોઈ લેબલમાં બંધ થવા દીધો નહીં. તેમણે હાર ન માની. તેઓ સતત પ્રયત્નશીલ રહ્યાં અને અંતે, જ્યારે સ્ટીફન પાંચ વર્ષના થયા, ત્યારે તેમને લંડનની ક્વીન્સમિલ સ્કૂલમાં દાખલ કરાવવામાં સફળ થયા. અહીં એક નવો દરવાજો ખૂલ્યો. શિક્ષકોએ સ્ટીફનના હાથમાં રહેલી પેન્સિલને માત્ર એક સાધન તરીકે નહીં, પરંતુ તેમની અંદરની દુનિયા સુધી પહોંચવાનો માર્ગ તરીકે જોઈ. સ્ટીફનને ચિત્ર દોરવાનું અદભુત આકર્ષણ હતું. જે બાળક શબ્દોથી પોતાની વાત કહી શકતું નહોતું, તે રેખાઓ દ્વારા આખી દુનિયા કહી શકતું હતું. શિક્ષકોએ તેમની આ શક્તિને ઓળખી અને શિક્ષણમાં તેનો ઉપયોગ કર્યો. અને ધીમે ધીમે કંઈક અદ્ભુત બનવા લાગ્યું.

જે બાળક પાસે શબ્દો નહોતા, તેની પાસે રેખાઓ હતી. જેની પાસે બોલવાની ભાષા નહોતી, તેની પાસે ચિત્રોની ભાષા હતી. અને એ ભાષાને સમજવા માટે એક માતા અને કેટલાક સંવેદનશીલ શિક્ષકો તેની બાજુએ ઊભા હતા. કહેવાય છે કે સ્ટીફને લગભગ નવ વર્ષની ઉંમરે પોતાના પ્રથમ શબ્દો ઉચ્ચાર્યા. પરંતુ કદાચ તેમની વાતચીતની શરૂઆત તે પહેલાં જ થઈ ગઈ હતી કે જ્યારે તેમણે પહેલી વાર પેન્સિલથી કાગળ પર કંઈક દોર્યું હતું અને તેમની માતાએ એ રેખાઓમાં એક અવાજ સાંભળ્યો હતો. જિનીવાની ભૂમિકા માત્ર સ્ટીફનના બાળપણ સુધી મર્યાદિત રહી નહોતી.

તેમણે તેમના પુત્રને મોટો કર્યો એટલું જ નહીં; તેમણે તેની પ્રતિભાની આસપાસ એક એવું પરિવારિક સહાયક તંત્ર ઊભું કરવામાં પણ યોગદાન આપ્યું, જે તેની કારકિર્દીને સતત સહારો આપતું રહ્યું. તેમની સાથે સ્ટીફનની બહેન એનેટ અને તેમના શિક્ષકો પણ આ સફરમાં જોડાયા. પડદા પાછળ રહીને તેમણે વર્ષો સુધી સ્ટીફનને આગળ વધારવા માટે મહેનત કરી. પછી એ દિવસ પણ આવ્યો, જ્યારે દુનિયાએ સ્ટીફનની પ્રતિભાને સન્માન આપ્યું. ૨૦૦૬માં બ્રિટિશ રાજપરિવાર તરફથી કલાના ક્ષેત્રમાં તેમની સેવાઓ બદલ સ્ટીફનને સ્ન્ઈથી સન્માનિત કરવામાં આવ્યા. એ પ્રસંગે તેમની બહેન એનેટે તેમની માતાની વર્ષોની નિષ્ઠાને યાદ કરતાં કહ્યું હતું કે આ સિદ્ધિએ જિનીવાની આંખોમાં ગર્વનાં આંસુ લાવી દીધાં હતાં કારણ કે તેઓ બધાએ મળીને "સ્ટીફન માટે ખૂબ મહેનત કરી હતી." આ વાક્યમાં કદાચ જિનીવાના સમગ્ર માતૃત્વની કહાની સમાઈ જાય છે. તેમણે પોતાના પુત્ર માટે માત્ર રસ્તો શોધ્યો નહોતો. તેમણે રસ્તો બનાવ્યો હતો.

જ્યારે દુનિયાને એક એવો બાળક દેખાતો હતો જે બોલી શકતો નહોતો, લોકો સાથે આંખ મિલાવતો નહોતો અને સામાન્ય શાળામાં પણ ભણી શકતો નહોતો ત્યારે તેની માતાએ તેની અંદર કંઈક

બીજું જોયું હતું. તેમણે એક એવી દુનિયા જોઈ હતી, જે હજી જન્મી નહોતી. અને એ દુનિયાની ચાવી હતી - એક પેન્સિલ. સ્ટીફનના હાથમાં પેન્સિલ હતી, પરંતુ તેની પાછળ એક માતાની અડગ શ્રદ્ધા હતી. સ્ટીફનની રેખાઓમાં પ્રતિભા હતી, પરંતુ એ પ્રતિભાને દુનિયા સુધી પહોંચાડવા પાછળ જિનીવાની વર્ષોની તપસ્યા હતી. અને કદાચ આ જ એક માતાની સૌથી મોટી શક્તિ છે. બાળક જ્યાં પોતાને વ્યક્ત કરી શકતું નથી,ત્યાં માતા તેની નિઃશબ્દતા પણ સાંભળી શકે છે. દુનિયા જ્યાં મર્યાદા જુએ, ત્યાં માતા સંભાવના જોઈ શકે છે. અને જિનીવા વિલ્ટશાયરે પોતાના પુત્રમાં એ સંભાવના જોઈ હતી. એટલે જ સ્ટીફનની કહાની માત્ર એક અસાધારણ કલાકારની કહાની નથી. આ એક એવી માતાની પણ કહાની છે,જેણે પોતાના બાળકને દુનિયા પ્રમાણે બદલવાનો પ્રયત્ન કર્યો નહીં પરંતુ દુનિયાને પોતાના બાળકને સમજવા માટે તૈયાર કરી.

કેટલાક બાળકો શબ્દોથી પોતાની દુનિયા કહે છે. કેટલાક બાળકો સંગીતથી અને કેટલાક એવા હોય છે, જેમની અંદર શબ્દોથી પણ વિશાળ એક દુનિયા વસતી હોય છે,પરંતુ તેને વ્યક્ત કરવાની તેમની ભાષા દુનિયાથી અલગ હોય છે. સ્ટીફન વિલ્ટશાયર એવો જ એક બાળક હતો. ૧૯૭૪માં લંડનમાં જન્મેલા સ્ટીફનને માત્ર ત્રણ વર્ષની ઉંમરે ઓટિઝમ હોવાનું નિદાન થયું. બાળપણમાં તેઓ સંપૂર્ણપણે બિનવાચાળ હતા. દુનિયા સાથે વાતચીત કરવા માટે તેની પાસે શબ્દો નહોતા. પરંતુ તેમની પાસે કંઈક બીજું હતું. પેન્સિલ હતી. કાગળ હતો. અને એક એવી નજર હતી, જે દુનિયાને સામાન્ય આંખોથી જુદી રીતે જોતી હતી. તેઓ બોલી શકતા નહોતા, પરંતુ પ્રાણીઓ અને ખાસ કરીને જૂની અમેરિકન કારોના ચિત્રો દોરતા. જાણે તેમની પેન્સિલ તેમના માટે જીભ બની ગઈ હતી. પછી ધીમે ધીમે તેમની આ નિઃશબ્દ ભાષાએ દુનિયાનું ધ્યાન ખેંચવાનું શરૂ કર્યું. સ્ટીફનની યાદશક્તિ અસાધારણ હતી. કોઈ શહેરના વિશાળ વિસ્તારને માત્ર થોડા સમય માટે હેલિકોપ્ટરમાંથી જોયા પછી તેઓ તેની રચના, ઇમારતોની ગોઠવણી અને અતિસૂક્ષ્મ વિગતો યાદ રાખી શકતા હતા. એક વખત તેમણે મેનહટન ઉપર માત્ર વીસ મિનિટની હેલિકોપ્ટર સફર કરી. ત્યારબાદ તેમણે કોઈ પ્રારંભિક નકશો કે ગ્રીડ વિના, પોતાની યાદશક્તિના આધારે ન્યૂયોર્ક શહેરનું લગભગ ૧૯ ફૂટ લાંબું અદભુત પેનોરમા દોર્યું. આ ચિત્ર બનાવવા તેમને પાંચ દિવસ લાગ્યા. પરંતુ આશ્ચર્ય એ નહોતું કે તેમણે પાંચ દિવસમાં ચિત્ર પૂરું કર્યું. આશ્ચર્ય એ હતું કે તેમણે શહેરને પહેલાં માત્ર જોયું હતું, અને પછી તેને પોતાની સ્મૃતિમાંથી ફરીથી સર્જી નાખ્યું હતું. ટોક્યો, રોમ, હોંગકોંગ, દુબઈ, લંડન અને સિંગાપોર જેવા વિશ્વનાં મહાનગરો પણ તેમની પેન્સિલમાં જીવંત બન્યાં. મોટા કેનવાસ પર તેઓ શહેરોની ગગનચુંબી ઇમારતો, રસ્તાઓ અને સ્થાપત્યની અસંખ્ય વિગતો એવી ચોકસાઈથી ઉતારતા કે જાણે તેમની આંખો માત્ર દૃશ્ય જોતી ન હોય, પરંતુ તેને પોતાની અંદર સંગ્રહિત કરી લેતી હોય.સ્ટીફનની પ્રતિભાની શરૂઆત કોઈ વિશાળ ગેલેરીથી થઈ નહોતી. માત્ર સાત વર્ષની ઉંમરે તેમણે પોતાની પહેલી કૃતિ વેચી. આઠ વર્ષની ઉંમરે તેમની પ્રતિભાએ એવી ઊંચાઈ સ્પર્શી કે બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન એડવર્ડ હીથે તેમને સેલિસબરી કેથેડ્રલનું ચિત્ર દોરવાનું મહત્વપૂર્ણ કામ સોંપ્યું. અને જ્યારે તેઓ માત્ર તેર વર્ષના હતા, ત્યારે તેમના ચિત્રોનું પ્રથમ પુસ્તક પણ પ્રકાશિત થઈ ચૂક્યું હતું. એક એવો બાળક, જે ક્યારેક એક પણ શબ્દ બોલી શકતો નહોતો, હવે પોતાની પેન્સિલથી આખા શહેરોની કહાની કહી રહ્યો હતો. સમય આગળ વધ્યો. બાળક કલાકાર બન્યો. કલાકાર વિશ્વવિખ્યાત બન્યો. અને એક દિવસ દુનિયાએ સત્તાવાર રીતે પણ તેની પ્રતિભાને નમન કર્યું. ૨૦૦૬માં રાણી એલિઝાબેથ દ્વિતીયે કળાના ક્ષેત્રમાં તેમની અસાધારણ સેવાઓ બદલ. તેને MBEથી સન્માનિત કર્યો.

પરંતુ આ સન્માનની પાછળ માત્ર એક કલાકારની પ્રતિભા નહોતી. તેની પાછળ એક પરિવાર હતો. શિક્ષકો હતા. અને... સૌથી આગળ એક માતા હતી - જિનીવા વિલ્ટશાયર. જ્યારે સ્ટીફન પાસે શબ્દો નહોતા, ત્યારે તેમની માતાએ તેમની અંદરની ભાષા સાંભળવાનો પ્રયત્ન કર્યો. જ્યારે દુનિયાએ તેમના બાળકની મુશ્કેલીઓ જોઈ, ત્યારે માતાએ તેની સંભાવના જોઈ. અને જ્યારે સ્ટીફન પેન્સિલ હાથમાં લઈને કાગળ પર રેખાઓ દોરતા હતા, ત્યારે કદાચ જિનીવાને એ રેખાઓમાં એવી દુનિયાની શરૂઆત દેખાઈ હતી, જેને એક દિવસ આખી દુનિયા જોશે. આથી સ્ટીફનની કહાની માત્ર "એક અસાધારણ યાદશક્તિ ધરાવતા કલાકારની કહાની" નથી. આ કહાની છે— એક એવા બાળકની, જેણે શબ્દો વિના બોલવાનું

શીખ્યું. એક એવી પેન્સિલની, જેણે અવાજનું સ્થાન લીધું. એક એવી કળાની, જેણે દુનિયા અને એક મૌન બાળક વચ્ચે પુલ બાંધ્યો. અને એક એવી માતાની, જેણે પોતાના બાળકની અંદર છુપાયેલા કલાકારને દુનિયા પહેલાં ઓળખી લીધો. સ્ટીફન માટે દુનિયા કદાચ શબ્દોથી શરૂ થઈ નહોતી. તે રેખાઓથી શરૂ થઈ હતી. અને એ રેખાઓએ અંતે તેને આખી દુનિયા સુધી પહોંચાડ્યો. સ્ટીફન વિલ્ટશાયરની સફર પાછળ એક માતાનો અડગ આધાર

સ્ટીફન વિલ્ટશાયર આજે વિશ્વવિખ્યાત સ્થાપત્ય-ચિત્રકાર તરીકે ઓળખાય છે. તેમની અદભુત યાદશક્તિ, અસાધારણ નિરીક્ષણશક્તિ અને માત્ર થોડા સમય માટે જોયેલા શહેરને સ્મૃતિમાંથી ફરીથી દોરી કાઢવાની ક્ષમતા સમગ્ર દુનિયાને આશ્ચર્યચકિત કરે છે. પરંતુ આ અસાધારણ સફરની શરૂઆત પ્રસિદ્ધિથી નહોતી થઈ. તેની શરૂઆત એક નાના બાળકથી થઈ હતી જે બોલી શકતું નહોતું, દુનિયા સાથે સહજ રીતે જોડાઈ શકતું નહોતું અને જેને સામાન્ય શિક્ષણવ્યવસ્થા પણ સ્વીકારવા તૈયાર નહોતી. અને એ બાળકની બાજુમાં એક વ્યક્તિ સતત ઊભી રહી તે હતી તેની માતા, જિનીવા વિલ્ટશાયર.

સ્ટીફન ત્રણ વર્ષના હતા ત્યારે તેમને ઓટિઝ્મ હોવાનું નિદાન થયું. એ જ વર્ષે તેમના પિતા કોલ્વિનનું મોટરસાઇકલ અકસ્માતમાં અવસાન થયું. એક તરફ પોતાના નાના બાળકની જટિલ જરૂરિયાતોને સમજવાનો પડકાર અને બીજી તરફ પતિને ગુમાવવાનું દુઃખ. જિનીવાના જીવનમાં બંને આઘાત એકસાથે આવ્યા. હવે તેમણે સ્ટીફન અને તેમની મોટી બહેન એનેટને એકલી માતા તરીકે ઉછેરવાના હતા. તે સમય ઓટિઝ્મ વિશેની સમજ પણ ખૂબ મર્યાદિત હતી. આજે ઉપલબ્ધ માહિતી, નિષ્ણાતો, સંસાધનો અને સહાય-વ્યવસ્થા ત્યારે સરળતાથી ઉપલબ્ધ નહોતી. પરંતુ જિનીવાએ મુશ્કેલીને બહાનું બનાવ્યું નહીં. તેમણે પોતાના બાળકને સમજવાનું નક્કી કર્યું.

જ્યારે સ્ટીફન બોલી શકતો નહોતો, ત્યારે માતાએ તેમની નિઃશબ્દતા સાંભળી સ્ટીફન નાનપણમાં બિનવાચાળ હતો. તે આંખમાં આંખ મિલાવતો નહોતો અને સ્પર્શથી પણ ખૂબ અસ્વસ્થ થઈ જતો. સામાન્ય શાળાઓએ તેમને સ્વીકાર્યા નહીં અને તેમની જરૂરિયાતોને ખૂબ ગંભીર અને જટિલ ગણાવી. આ પરિસ્થિતિમાં કોઈ બાળક ધીમે ધીમે દુનિયાથી વધુ દૂર થઈ શકે. પરંતુ જિનીવાએ તેને દુનિયાથી દૂર થવા દીધો નહીં. તેમણે પોતાના પુત્ર માટે યોગ્ય શિક્ષણની શોધ ચાલુ રાખી અને પાંચ વર્ષની ઉંમરે સ્ટીફનને લંડનની ક્વીન્સમિલ સ્કૂલમાં દાખલ કરાવ્યો. આ નિર્ણય કદાચ તેમની સમગ્ર સફરનો એક નિર્ણાયક વળાંક હતો. ત્યાં શિક્ષકોએ સ્ટીફનના ચિત્ર દોરવાના અસાધારણ રસને ઓળખ્યો. જે વસ્તુ અન્ય લોકો માટે માત્ર બાળકની એક ટેવ હતી, જિનીવા અને શિક્ષકો માટે તે સ્ટીફનની અંદરની દુનિયા સુધી પહોંચવાનો દરવાજો બની.

પેન્સિલને માતાએ અને શિક્ષકોએ ભાષા બનવા દીધી સ્ટીફન શબ્દોથી પોતાની વાત કહી શકતો નહોતો. પરંતુ તે ચિત્ર દોરી શકતો હતો. પ્રાણીઓ, કારો અને પછી ઇમારતો. તેમની પેન્સિલ ધીમે ધીમે તેમની ભાષા બની. અહીં માતાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હતીઃ તેમણે પોતાના પુત્રને દુનિયાની સામાન્ય રીત પ્રમાણે વ્યક્ત થવા માટે દબાણ કરવાને બદલે તે જે રીતે પોતાની વાત કહી શકતો હતો, એ રીતને સ્વીકારી. આ સ્વીકાર કદાચ તેમની સૌથી મોટી ભેટ હતી. જ્યાં બીજા લોકો પૂછતા હતા કે, "સ્ટીફન શું કરી શકતો નથી?" ત્યાં જિનીવા જાણે પૂછતી હતી કે "સ્ટીફન શું કરી શકે છે?" અને જવાબ ધીમે ધીમે તેમની પેન્સિલમાંથી બહાર આવતો ગયો. પ્રતિભાને માત્ર ઓળખવી નહીં પણતેને તક આપવી. સ્ટીફનની પ્રતિભા જન્મજાત હતી, પરંતુ પ્રતિભા હોવી અને તેને વિકસાવવાની તક મળવી,બંને અલગ બાબતો છે. જિનીવાએ એ તક ઊભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. તેમણે સ્ટીફન માટે યોગ્ય શૈક્ષણિક વાતાવરણ મેળવવા પ્રયત્ન કર્યો, તેની જરૂરિયાતોને સમજતા લોકો સાથે તેને જોડ્યો અને તેના વિકાસને સતત ટેકો આપ્યો.

સ્ટીફનની પહેલી કૃતિ સાત વર્ષની ઉંમરે વેચાઈ. આઠ વર્ષની ઉંમરે તેમને સેલિસબરી કેથેડ્રલ દોરવાનું મહત્વપૂર્ણ કામ મળ્યું. તેર વર્ષની ઉંમરે તેમનું પ્રથમ પુસ્તક પ્રકાશિત થયું. પરંતુ બાળકની આ સિદ્ધિઓની પાછળ વર્ષો સુધી ચાલેલી એવી માતાની મહેનત હતી, જે સામાન્ય રીતે કોઈ પુસ્તકના પાનાં પર દેખાતી નથી. સ્ટીફનની સફળતા પાછળ માતાનો અદૃશ્ય પરિશ્રમ છે. જ્યારે દુનિયા સ્ટીફનના વિશાળ

કેનવાસ જુએ છે, ત્યારે લોકો તેમની પેન્સિલની ઝડપ અને યાદશક્તિથી આશ્ચર્યચકિત થાય છે. પરંતુ એક માતા માટે સફર માત્ર ચિત્ર પૂરું થવાની નહોતી. તે સફર હતી બાળકને સમજવાની, તેની મુશ્કેલીઓ સ્વીકારવાની, યોગ્ય શાળા શોધવાની,તેની પ્રતિભાને પ્રોત્સાહન આપવાની, અને જ્યારે દુનિયા હજી તેને ઓળખતી નહોતી ત્યારે તેના પર વિશ્વાસ રાખવાની.

સ્ટીફન જ્યારે મેનહટનનું વિશાળ પેનોરમા પોતાની યાદશક્તિમાંથી દોરે છે, ત્યારે દુનિયા તેમની અસાધારણ સ્મૃતિને જુએ છે. પરંતુ તેની પાછળની બીજી સ્મૃતિ પણ યાદ રાખવા જેવી છે. એક માતાની વર્ષો જૂની અડગતા. ૨૦૦૬માં સ્ટીફનને કલાના ક્ષેત્રમાં સેવાઓ બદલ સ્મ્ઈથી સન્માનિત કરવામાં આવ્યા ત્યારે તેમની બહેન એનેટે તેમની માતાની વર્ષોની મહેનતને યાદ કરી હતી. આ સન્માનથી જિનીવાની આંખોમાં ગર્વનાં આંસુ આવી ગયા હતા કારણ કે પરિવાર તરીકે તેમણે સ્ટીફન માટે ખૂબ મહેનત કરી હતી. આ ક્ષણ માત્ર સ્ટીફન માટે સન્માનની નહોતી. તે જિનીવાના વર્ષોના માતૃત્વની પણ એક શાંત જીત હતી.

એક માતાએ શું કર્યું? જિનીવાએ સ્ટીફનની પ્રતિભા બનાવી નહોતી. તેમણે તેને ઓળખી હતી. તેમણે તેમની યાદશક્તિ આપી નહોતી. તેમણે તેને ઉપયોગ કરવાની તક આપી હતી. તેમણે તેમના હાથમાં પેન્સિલ પકડી આપી નહોતી. તેમણે એ પેન્સિલથી દોરાતી દુનિયાને ગંભીરતાથી લીધી હતી અને સૌથી અગત્યનું એ હતું કે તેમણે પોતાના પુત્રને તેની મુશ્કેલીઓથી વ્યાખ્યાયિત થવા દીધો નહોતો. તેમણે તેને તેની સંભાવનાઓથી ઓળખ્યો. આથી સ્ટીફન વિલ્ટશાયરની કહાનીમાં તેમની માતા માત્ર એક સહાયક પાત્ર નથી. તેમની માતા એ વ્યક્તિ છે, જેણે મુશ્કેલ પરિસ્થિતિમાં એક બાળક માટે જગ્યા બનાવી કે જ્યાં તે પોતાની રીતે વિકસી શકે, પોતાની ભાષા શોધી શકે અને અંતે પોતાની કળા દ્વારા આખી દુનિયા સાથે વાત કરી શકે.

સ્ટીફનના હાથમાં પેન્સિલ હતી; પરંતુ એ પેન્સિલને દુનિયા સુધી પહોંચવાનો રસ્તો બતાવનાર એક માતા હતી. અને કદાચ જિનીવા વિલ્ટશાયરની સૌથી મોટી સિદ્ધિ એ જ હતી કે તેમણે પોતાના પુત્રને દુનિયા જેવો બનાવવાનો પ્રયત્ન કર્યો નહીં. તેમણે દુનિયાને પોતાના પુત્રને સમજવા માટે તૈયાર કરી. સ્ટીફન વિલ્ટશાયરની અસાધારણ પ્રતિભા જન્મજાત હતી, પરંતુ એ પ્રતિભાને ઓળખવી, તેને સાચવવી અને તેને વિકસવા માટે યોગ્ય જગ્યા આપવી. આ કામમાં તેમની માતા જિનીવા વિલ્ટશાયરની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હતી. તેમના પ્રયત્નોને માત્ર “માતાનો પ્રેમ” કહીને પૂરા કરી શકાય નહીં. તેમણે પોતાના પુત્ર માટે અનેક મહત્વપૂર્ણ અને વ્યવહારુ પગલાં લીધાં.

પતિના અવસાન પછી બે બાળકોની જવાબદારી એકલી સંભાળી. સ્ટીફન ત્રણ વર્ષના હતા ત્યારે તેમને ઓટિઝમ હોવાનું નિદાન થયું. એ જ વર્ષે તેમના પિતા કોલ્વિનનું મોટરસાઇકલ અકસ્માતમાં અવસાન થયું. આથી જિનીવા પર એકસાથે બે જવાબદારીઓ આવી પડી. પતિ ગુમાવ્યાનું દુઃખ સહન કરવું અને બે બાળકો, સ્ટીફન તથા તેમની મોટી બહેન એનેટનો ઉછેર કરવો. તે સમય ઓટિઝમ અંગેની સમજ પણ ખૂબ મર્યાદિત હતી. તેમ છતાં તેમણે સ્ટીફનની પરિસ્થિતિથી ગભરાઈને તેમને એકલા પડવા દીધા નહીં. તેમણે પોતાની જાતને સ્ટીફન માટે સતત ઉપલબ્ધ રાખી.

સ્ટીફનની મુશ્કેલીઓને માત્ર “સમસ્યા” તરીકે સ્વીકારી નહીં . સ્ટીફન નાનપણમાં બોલતા નહોતા. તેઓ આંખમાં આંખ મિલાવતા નહોતા અને સ્પર્શથી પણ અસ્વસ્થ થતા. સામાન્ય શાળાઓએ તેમની જરૂરિયાતોને ખૂબ ગંભીર અને જટિલ ગણાવીને તેમને સ્વીકાર્યા નહીં. અહીં જિનીવાનો સૌથી મહત્વપૂર્ણ ગુણ દેખાયો.તેમણે શાળાનો ઇનકાર અંતિમ નિર્ણય માન્યો નહીં. તેમણે પોતાના પુત્ર માટે બીજી જગ્યા શોધી. જ્યારે કોઈ બાળક માટે વ્યવસ્થા યોગ્ય ન હોય, ત્યારે બાળકને “અયોગ્ય” ગણવાને બદલે વ્યવસ્થા બદલવાની જરૂર છે, એવો અભિગમ તેમણે અપનાવ્યો.

પાંચ વર્ષની ઉંમરે ક્વીન્સમિલ સ્કૂલમાં દાખલ કરાવ્યો જિનીવાએ સ્ટીફનને લંડનની ક્વીન્સમિલ સ્કૂલમાં દાખલ કરાવ્યા. આ માત્ર શાળા બદલવાનો નિર્ણય નહોતો. તે સ્ટીફનના જીવનમાં એક મોટો વળાંક હતો. અહીં શિક્ષકોને સ્ટીફનના ચિત્ર દોરવાના અસાધારણ રસને ઓળખવાની તક મળી. તેમની

પેન્સિલને માત્ર રમકડું ન ગણી, તેને સંવાદનું સાધન બનાવવામાં આવ્યું. આ રીતે જિનીવાએ પોતાના પુત્રને એવી જગ્યાએ પહોંચાડ્યો જ્યાં તેની મુશ્કેલીઓની સાથે તેની ક્ષમતાઓને પણ જોવામાં આવી.

ચિત્ર દોરવાની તેમની દુનિયાને ગંભીરતાથી લીધી. સ્ટીફન બોલી શકતા નહોતા, પરંતુ ચિત્રો દોરતા હતા. જિનીવાએ તેમની આ પ્રવૃત્તિને માત્ર બાળસુલભ શોખ તરીકે અવગણી નહીં.આ ખૂબ મહત્વપૂર્ણ હતું. કારણ કે કોઈ બાળક જે વારંવાર એક જ વસ્તુ કરે છે, તેમાં ક્યારેક તેની અંદરની ભાષા છુપાયેલી હોઈ શકે છે. સ્ટીફન માટે એ ભાષા હતી—ચિત્ર. તેમણે કાગળ અને પેન્સિલ દ્વારા પોતાની આસપાસની દુનિયા સમજવી અને વ્યક્ત કરવી શરૂ કરી. જિનીવાએ આ શક્તિને રોકવાને બદલે તેને જગ્યા આપી.

તેમની પ્રતિભાને શિક્ષણ સાથે જોડાવા દીધી ક્વીન્સમિલના શિક્ષકોએ પણ સ્ટીફનના ચિત્રોનો ઉપયોગ તેમની સાથે સંવાદ વિકસાવવા માટે કર્યો. આ પ્રક્રિયાએ તેમને ધીમે ધીમે બોલવાની દિશામાં આગળ વધવામાં મદદ કરી. આ રીતે સ્ટીફન માટે ચિત્ર માત્ર કળા ન રહ્યું. ચિત્ર તેમની અને દુનિયા વચ્ચેનો પુલ બની ગયું. અને આ પુલ ઊભો કરવા માટે જિનીવાએ તેમને યોગ્ય વાતાવરણ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી.

તેમની પ્રતિભાને દુનિયા સુધી પહોંચવાની તક મળી સ્ટીફનની પ્રતિભા નાનપણથી જ દેખાવા લાગી હતી. સાત વર્ષની ઉંમરે તેમની કૃતિ વેચાઈ. આઠ વર્ષની ઉંમરે તેમને સેલિસબરી કેથેડ્રલ દોરવાનું મહત્વપૂર્ણ કામ મળ્યું અને તેર વર્ષની ઉંમરે તેમનું પ્રથમ પુસ્તક પ્રકાશિત થયું. આ સિદ્ધિઓ માત્ર એક બાળકની પ્રતિભાનો પરિણામ નહોતી. તેની પાછળ વર્ષો સુધી પરિવાર, શિક્ષકો અને ખાસ કરીને માતા તરફથી મળેલો સહકાર હતો. પ્રતિભા બાળકની હતી પરંતુ તેને વિકસવા માટેનું વાતાવરણ પરિવારએ ઊભું કર્યું.

સફળતા પછી પણ માતાનો આધાર ચાલુ રહ્યો. સ્ટીફન વિશ્વવિખ્યાત બન્યા પછી પણ જિનીવાની ભૂમિકા પૂરી થઈ નહોતી. તેમની બહેન એનેટ અને શિક્ષકો સાથે મળીને પરિવારે સ્ટીફનની કારકિર્દીને પાછળથી સહારો આપવાનું ચાલુ રાખ્યું. ૨૦૦૬માં જ્યારે સ્ટીફનને કલાના ક્ષેત્રમાં તેમની સેવાઓ બદલ સ્મ્ઈથી સન્માનિત કરવામાં આવ્યા, ત્યારે આ સન્માનમાં એક માતાના વર્ષોના પરિશ્રમનો પણ ગર્વ છુપાયેલો હતો. તેમની બહેન એનેટે એ પ્રસંગે તેમની માતાના લાંબા સમયના સમર્પણને યાદ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે પરિવારના સૌએ સ્ટીફન માટે ખૂબ મહેનત કરી હતી. એટલે એ સ્મ્ઈ માત્ર સ્ટીફનના હાથમાં મળેલું સન્માન નહોતું. તે જિનીવાના વર્ષોના વિશ્વાસ માટે પણ એક પ્રકારની મૌન માન્યતા હતી. જ્યારે સ્ટીફનને સ્મ્ઈ મળ્યો, ત્યારે તેમની બહેન એનેટે તેમની માતાના વર્ષોના સમર્પણને યાદ કર્યું હતું. આ સન્માનથી જિનીવાની આંખોમાં ગર્વનાં આંસુ આવ્યા હતા. આ એક ક્ષણમાં વર્ષોની મહેનત જાણે દેખાઈ આવી જે દિવસોમાં સ્ટીફન બોલી શકતા નહોતા, જે દિવસોમાં શાળાઓ તેમને સ્વીકારતી નહોતી, જે દિવસોમાં તેમની પ્રતિભાને દુનિયા ઓળખતી નહોતી. તે બધા દિવસોમાં એક માતા તેમની બાજુએ ઊભી હતી.

જિનીવાની સૌથી મોટી તૈયારી કદાચ કોઈ ખાસ પાઠ ભણાવવાની નહોતી. તે હતી કે સ્ટીફનને સમજવાની તૈયારી. તેમની ગતિ સ્વીકારવાની તૈયારી. તેમની મુશ્કેલીઓ સામે ધીરજ રાખવાની તૈયારી. યોગ્ય શિક્ષણ શોધવાની તૈયારી. તેમની ચિત્રકળાને ગંભીરતાથી લેવાની તૈયારી. અને સૌથી અગત્યનું તેમના ભવિષ્યમાં વિશ્વાસ રાખવાની તૈયારી.

જિનીવાએ ખરેખર શું કર્યું? જિનીવાએ સ્ટીફનની પ્રતિભા બનાવી નહોતી. તેમણે તેને ઓળખી. તેમણે તેમની યાદશક્તિ ઊભી કરી નહોતી. તેમણે તેને વિકસવાની તક આપી. તેમણે તેમના માટે ચિત્ર દોરવાની ભાષા બનાવી નહોતી. તેમણે એ ભાષાને સ્વીકારી. તેમણે દુનિયાને સ્ટીફન માટે સરળ બનાવી નહોતી. તેમણે મુશ્કેલ દુનિયામાં સ્ટીફન માટે એક સુરક્ષિત અને સ્થિર જગ્યા બનાવી. અને જ્યારે શાળાઓએ કહ્યું કે બાળક "ખૂબ જ ગંભીર અને જટિલ" છે, ત્યારે તેમણે જાણે પોતાના કાર્યથી જવાબ આપ્યો કે "મારા બાળકને નકારશો નહીં. તેને સમજવાનો પ્રયત્ન કરો." આ જ જિનીવા વિલ્ટશાયરની સૌથી મોટી ભૂમિકા હતી. તેમણે સ્ટીફનને દુનિયા જેવો બનવા માટે મજબૂર કર્યા નહીં. તેમણે દુનિયાને સ્ટીફનને સમજવા માટે જગ્યા બનાવી આપી. અને કદાચ આ કારણે સ્ટીફનની કહાનીમાં પેન્સિલ જેટલું જ મહત્વ એક માતાના અડગ વિશ્વાસનું પણ છે.

સ્ટીફનના હાથમાં કળા હતી; પણ એ કળાને દુનિયા સુધી પહોંચવાનો માર્ગ બનાવનાર તેમની માતા હતી. સ્ટીફન વિલ્ટશાયરની સફળતાને માત્ર તેમની અદભુત યાદશક્તિ અને ચિત્રકળાથી સમજવી અધૂરી વાત છે. બાળપણમાં જ્યારે તેઓ બોલી પણ શકતા નહોતા, ત્યારે તેમની પ્રતિભાને વિકસવા માટે સતત સંભાળ, ધીરજ, યોગ્ય શિક્ષણ અને પરિવારનો મજબૂત આધાર જરૂરી હતો. આ સમગ્ર પ્રક્રિયાના કેન્દ્રમાં તેમની માતા જિનીવા વિલ્ટશાયર હતી.

સ્ટીફન ત્રણ વર્ષની ઉંમરે ઓટિઝમના નિદાન સુધી પહોંચ્યા ત્યારે જિનીવા માટે કોઈ સરળ માર્ગદર્શિકા નહોતી. એ સમય ઓટિઝમ અંગેની સમજ આજની સરખામણીમાં ખૂબ મર્યાદિત હતી. તેથી માતા તરીકે તેમણે સૌપ્રથમ પોતાના બાળકની વર્તણૂકને સમજવાનો પ્રયત્ન કર્યો કે તે શું સ્વીકારી શકે છે, શું તેને અસ્વસ્થ કરે છે અને તે પોતાની વાત કઈ રીતે વ્યક્ત કરે છે. સ્ટીફન બોલતા નહોતા અને સામાન્ય રીતે આંખમાં આંખ મિલાવતા નહોતા. છતાં જિનીવાએ તેમની નિઃશબ્દતાને અસમર્થતા તરીકે નહીં, પરંતુ સમજવાની જરૂરિયાત તરીકે જોઈ.

સામાન્ય શાળાઓએ સ્ટીફનને સ્વીકાર્યા નહીં. તેમની જરૂરિયાતોને ખૂબ જ ગંભીર અને જટિલ માનવામાં આવી. અહીં જિનીવાએ સૌથી મહત્વપૂર્ણ વ્યવહારુ નિર્ણય લીધો. ટીફન માટે વિશેષ શિક્ષણની વ્યવસ્થા કરવી. પાચ વર્ષની ઉંમરે તેમને લંડનની ક્વીન્સમિલ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા.આ નિર્ણયનો અર્થ હતો કે જિનીવાએ પોતાના પુત્ર માટે સામાન્ય શિક્ષણવ્યવસ્થાની બહાર યોગ્ય જગ્યા શોધી અને એવી સંસ્થામાં પહોંચાડ્યો જ્યાં તેની વિશિષ્ટ જરૂરિયાતોને સમજવાની ક્ષમતા હતી.

સ્ટીફન માટે ચિત્રકામ માત્ર મનોરંજન નહોતું. નાનપણથી જ તેઓ પ્રાણીઓ અને કારોના ચિત્રો દોરતા. જ્યારે બોલી શકાય નહીં, ત્યારે બાળકની પોતાની કોઈ વૈકલ્પિક અભિવ્યક્તિ હોય છે કે નહીં. તે ઓળખવું અત્યંત મહત્વપૂર્ણ બને છે. જિનીવાએ સ્ટીફનના ચિત્રકામને રોક્યું નહીં કે તેને માત્ર એક બાળસુલભ શોખ ગણીને બાજુએ ન મૂક્યું. તેમણે તેને સ્વીકાર્યું અને પ્રોત્સાહિત કર્યું. આ જ બાબતે શિક્ષકોને પણ સ્ટીફન સુધી પહોંચવાનો માર્ગ મળ્યો. ક્વીન્સમિલમાં સ્ટીફનના ચિત્ર દોરવાના રસને શિક્ષણ અને સંવાદ સાથે જોડવામાં આવ્યો. અહીં જિનીવાની ભૂમિકા માત્ર બાળકને શાળાએ મોકલવાની નહોતી. તેમના પુત્ર માટે એવી વ્યવસ્થા ઊભી થઈ જેમાં તેની મુશ્કેલીઓ સાથે તેની શક્તિને પણ મહત્વ મળ્યું. ચિત્ર ધીમે ધીમે સ્ટીફનની અભિવ્યક્તિનું માધ્યમ બન્યું અને ત્યારબાદ ભાષા વિકસવાની પ્રક્રિયામાં પણ તેનો ઉપયોગ થયો.

પતિના અવસાન પછી બે બાળકોની જવાબદારી એકલી સંભાળવી એ પોતે જ મોટો પડકાર હતો. તેમ છતાં જિનીવાએ સ્ટીફન માટે પરિવારનું સ્થિર આધારસ્થાન જાળવી રાખ્યું. આ બાબત કદાચ બહારથી નાની લાગે, પરંતુ બાળકના વિકાસમાં તેની મોટી ભૂમિકા હોય છેઃ એક ઓળખીતું ઘર, વિશ્વાસપાત્ર લોકો, સતત સહારો અને પોતાની ગતિએ આગળ વધવાની જગ્યા. સ્ટીફન માટે આ સ્થિરતા તેમની આગળની સફરનો મહત્વપૂર્ણ આધાર બની. સ્ટીફનની પ્રતિભા દેખાવા લાગી ત્યારે પરિવાર માટે એક નવી જવાબદારી ઊભી થઈ—આ પ્રતિભા માત્ર ઘરની ચાર દીવાલોમાં સીમિત ન રહે. સાત વર્ષની ઉંમરે તેમની કૃતિ વેચાઈ. આઠ વર્ષની ઉંમરે સેલિસબરી કેથેડ્રલ દોરવાનું કામ મળ્યું. તેર વર્ષની ઉંમરે તેમનું પ્રથમ પુસ્તક પ્રકાશિત થયું. આ દરેક પડાવ સુધી પહોંચતી વખતે સ્ટીફનને પરિવાર અને શિક્ષકોનો આધાર મળતો રહ્યો. અહીં માતાની ભૂમિકા પ્રતિભાને ઓળખીને તેને યોગ્ય લોકો અને યોગ્ય તકો સુધી પહોંચવા દેવાની હતી.

સ્ટીફનની પેન્સિલે શહેરોને કાગળ પર ઉતાર્યા. પરંતુ એ પેન્સિલ પાછળ વર્ષો સુધી એક માતાનું અદૃશ્ય કામ ચાલતું રહ્યું. તેમણે દરેક ચિત્ર દોર્યું નહોતું પરંતુ ચિત્ર દોરી શકે એવો વિશ્વાસભર્યો માહોલ બનાવ્યો હતો. તેમણે સ્ટીફનની પ્રતિભા ઊભી કરી નહોતી પરંતુ દુનિયા તેને ઓળખે ત્યાં સુધી તેને સાચવી હતી. અને આ જ કારણથી સ્ટીફન વિલ્ટશાયરની કહાનીમાં તેમની માતાની ભૂમિકા માત્ર "સહાયક" તરીકે નહીં, પરંતુ તેમની પ્રતિભાને વિકસવા માટે જરૂરી પરિસ્થિતિ ઊભી કરનાર વ્યક્તિ તરીકે સમજવી જોઈએ. જિનીવાની ભૂમિકા માત્ર એટલી નહોતી કે તેમણે સ્ટીફનને શાળામાં દાખલ કરાવ્યા અથવા તેમની પ્રતિભાને પ્રોત્સાહન આપ્યું. સ્ટીફન જેવા બાળક માટે દરરોજનું જીવન જ એક સતત પડકાર હતું. તેમને શબ્દોમાં પોતાની જરૂરિયાત સમજાવવી મુશ્કેલ હતી. તેથી માતા માટે બાળક શું કહે છે તે સાંભળવા કરતાં વધુ

મહત્વનું હતું કે બાળક શું બતાવે છે તે સમજવું. સ્ટીફન જ્યારે બોલી શકતા નહોતા, ત્યારે તેમની પેન્સિલ, ચિત્રો અને વર્તનને ધ્યાનથી જોવું એ પણ સંવાદનો એક ભાગ બની ગયું. ઘરમાં તેમની પોતાની ગતિને જગ્યા આપવી, તેમને ચિત્ર દોરવા માટે સમય અને સામગ્રી ઉપલબ્ધ કરાવવી, તેમની રુચિને રોકવાને બદલે તેને સમજવાનો પ્રયત્ન કરવો. આવી રોજિંદી બાબતો ધીમે ધીમે મહત્વપૂર્ણ બની. જ્યારે સ્ટીફન કોઈ વસ્તુ શબ્દોથી કહી શકતા નહોતા, ત્યારે તેમની માતા માટે તેમની ક્રિયા જ સંકેત બની શકતી હતી. તેનો અર્થ એ હતો કે બાળકને વારંવાર “બોલો”, “સમજાવો” અથવા “બીજાની જેમ કરો” કહેવાને બદલે, તે પોતાની રીતે કેવી રીતે વ્યક્ત થાય છે તે સમજવું.

શાળાની બાબતમાં પણ આ જ સતત સહાય જરૂરી હતી. યોગ્ય શાળા શોધ્યા પછી પણ માતા માટે કામ પૂરું થયું નહોતું. સ્ટીફનની જરૂરિયાતો અને તેની અસાધારણ ચિત્રકળા વચ્ચેનો સંબંધ સમજવો અને શિક્ષકો સાથે તેને આગળ વધારવો પણ મહત્વપૂર્ણ હતો. ક્વીન્સમિલ સ્કૂલમાં ચિત્રો માત્ર કાગળ પરની રેખાઓ નહોતા. તેઓ સ્ટીફન સુધી પહોંચવાનો માર્ગ બની રહ્યા હતા. આ રીતે એક માતાની દૈનિક મદદ કદાચ કોઈ એક મોટી ઘટનામાં દેખાતી નથી. તે દેખાય છે-બાળકની વાત ધ્યાનથી જોવામાં, તેની ગતિ સ્વીકારવામાં, તેને પોતાની રીતે વ્યક્ત થવા દેવામાં, ચિત્રકામ માટે જગ્યા અને સમય આપવા માં, શિક્ષકો સાથે જોડાણ જાળવવામાં, અને મુશ્કેલી આવે ત્યારે ફરીથી રસ્તો શોધવામાં.

આ બધું સાંભળવામાં સામાન્ય લાગે છે. પરંતુ એક એવા બાળક માટે, જેને દુનિયા સાથે વાતચીત કરવાની સામાન્ય રીત ઉપલબ્ધ નહોતી, આ જ નાની બાબતો વિકાસ માટેની મોટી તૈયારી બની શકે છે. જિનીવાએ સ્ટીફનને દરરોજ કલાકાર બનાવવાનો પ્રયત્ન કર્યો નહોતો. તેમણે તેના માટે એવી પરિસ્થિતિ જાળવી રાખી જેમાં તે પોતાની અંદરની દુનિયા બહાર લાવી શકે. અને કદાચ આ જ તેમની સૌથી વ્યવહારુ માતૃત્વ-ભૂમિકા હતીઃ સ્ટીફનને દરેક પગલે ખેંચીને આગળ ધપાવવું નહીં પરંતુ જ્યારે તે પોતાની રીતે એક પગલું આગળ વધે, ત્યારે તેની બાજુમાં ઊભા રહેવું. એટલે જ સ્ટીફનની સફળતાને જોતી વખતે માત્ર તેના હાથની પેન્સિલ જોવી પૂરતી નથી. તે પેન્સિલ પાછળ રહેલી એક માતાની લાંબી, શાંત અને રોજિંદી હાજરી પણ જોવી પડે છે. સ્ટીફન વિલ્ટશાયરની બાળપણની પરિસ્થિતિને જોતા, તેમની માતા જિનીવાની સહાયને માત્ર “પ્રોત્સાહન” કહી દેવું પૂરતું નથી. તેમની ભૂમિકાને વ્યવહારુ પગલાંમાં સમજીએ તો તે આ રીતે દેખાય છેઃ

સ્ટીફન બોલતા નહોતા અને આંખમાં આંખ મિલાવતા નહોતા. સ્પર્શથી પણ તેઓ અસ્વસ્થ થઈ જતા. એટલે પ્રથમ પગલું હતું તેમની વર્તણૂકને સમજવાનો પ્રયત્ન કરવો. તે શું સ્વીકારી શકે છે? કઈ બાબતથી અસ્વસ્થ થાય છે? કઈ વસ્તુમાં સ્વાભાવિક રસ બતાવે છે? કઈ રીતે પોતાની વાત વ્યક્ત કરે છે? આ પ્રશ્નોના જવાબ શોધવા માટે બાળકને ધ્યાનથી જોવું જરૂરી હતું. સ્ટીફન શબ્દોથી પોતાની વાત કહી શકતા નહોતા, પરંતુ તેઓ ચિત્રો દોરતા હતા. તેથી તેમની માતા અને શિક્ષકો માટે અગત્યનું પગલું હતું ચિત્રકામને ગંભીરતાથી લેવું. ચિત્રને માત્ર સમય પસાર કરવાની પ્રવૃત્તિ ન ગણવી, પરંતુ બાળક શું કરી શકે છે તેની ચાવી તરીકે જોવી. સ્ટીફનને ચિત્ર દોરવામાં અસાધારણ રસ હતો. એટલે તેમની આ રુચિને રોકવાને બદલે તેને આગળ વધવા દેવી. કાગળ અને પેન્સિલ જેવી મૂળભૂત સામગ્રી ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવું અને ચિત્રકામ માટે જગ્યા આપવી દૈનિક સહાયનો વ્યવહારુ ભાગ હતો. પેન્સિલ તેમના માટે માત્ર વસ્તુ નહોતી; તે અભિવ્યક્તિનું સાધન બની રહી હતી.

સામાન્ય શાળાઓએ સ્ટીફનને સ્વીકાર્યા નહીં. અહીં અટકી જવાને બદલે જિનીવાએ વૈકલ્પિક અને વિશેષ શિક્ષણની વ્યવસ્થા શોધી. પાંચ વર્ષની ઉંમરે સ્ટીફનને ક્વીન્સમિલ સ્કૂલમાં દાખલ કરાવવામાં આવ્યા. આ એક સ્પષ્ટ વ્યવહારુ પગલું હતું - સમસ્યા આવી - સામાન્ય વ્યવસ્થા યોગ્ય ન રહી - યોગ્ય વિશેષ શિક્ષણ શોધાયું. સ્ટીફનની ચિત્રકળા તેમની સૌથી મજબૂત અભિવ્યક્તિ હતી. તેથી શિક્ષકો સાથે મળીને તેમની આ શક્તિને કેન્દ્રમાં રાખતી સહાય વિકસાવવી મહત્વપૂર્ણ બની. ચિત્રકામ દ્વારા સ્ટીફન સાથે સંપર્ક સ્થાપિત કરવો અને ધીમે ધીમે તેને સંવાદ તથા શિક્ષણ સાથે જોડવું.આ પ્રક્રિયામાં પરિવાર અને શિક્ષકોનો સહકાર રહ્યો. સ્ટીફન સામાન્ય બાળકોની જેમ તરત બોલતા કે પોતાની વાત સમજાવતા નહોતા.

તેથી તેમની પાસેથી તરત જ સામાન્ય પ્રતિભાવની અપેક્ષા રાખવાને બદલે તેમની પોતાની ગતિને સ્વીકારવી જરૂરી હતી. તેમની પાસે જે ક્ષમતા હતી, ત્યાંથી શરૂઆત કરવી. આ જ વધુ વ્યવહારુ અભિગમ હતો.

પતિના અવસાન પછી જિનીવા એકલી માતા તરીકે સ્ટીફન અને તેમની મોટી બહેન એનેટની જવાબદારી સંભાળતી હતી. આ પરિસ્થિતિમાં ઘરને સ્ટીફન માટે સ્થિર આધારસ્થાન બનાવી રાખવું પોતે જ મોટી જવાબદારી હતી. બાળકને વારંવાર નવા દબાણમાં મૂકવાને બદલે ઓળખીતું પરિવારિક વાતાવરણ અને સતત સહારો મળતો રહે—આ તેમના વિકાસ માટે મહત્વપૂર્ણ હતું. અહીં પરિવારની ભૂમિકા હતી. બાળકની પ્રતિભા દેખાય ત્યારે તેને અવગણવી નહીં, પરંતુ યોગ્ય તક મળે ત્યારે તેને સ્વીકારવી. સ્ટીફન વિશ્વવિખ્યાત બન્યા પછી તેમની સફરનો પરિવાર સાથેનો સંબંધ સમાપ્ત થયો નહોતો. તેમની બહેન એનેટ અને માતા જિનીવા તેમના જીવન અને સિદ્ધિઓ સાથે જોડાયેલા રહ્યા. સ્ટીફનની પેન્સિલે દુનિયાનાં શહેરો દોર્યાં. પરંતુ તેની પાછળ એક માતાની ભૂમિકા એવી હતી કે જ્યારે દુનિયાને બાળકમાં મુશ્કેલી દેખાતી હતી, ત્યારે તેમણે તેની અંદરની ક્ષમતા શોધવાનો પ્રયત્ન કર્યો.અને કદાચ આ જ તેમની સૌથી મોટી માતૃત્વસિદ્ધિ હતી.






સ્ટીફન વિલ્ટશાયરની સૌથી ખાસ વાત તેમની અદ્ભુત યાદશક્તિ છે. તેઓ કોઈ વસ્તુ કે સ્થળને માત્ર એક જ વાર ધ્યાનથી જોયા પછી તેનું ખૂબ જ સચોટ અને વિગતવાર ચિત્ર દોરી શકે છે. તેઓ ઘણી વખત આખા શહેરનાં ચિત્રો પણ પોતાની યાદશક્તિના આધારે દોરે છે. તેઓ હેલિકોપ્ટરમાંથી કોઈ શહેરને થોડા સમય માટે જોયા પછી, નીચે ઉતરીને પોતાની યાદશક્તિથી આખા શહેરનું ચિત્ર બનાવી શકે છે. ઉદાહરણ તરીકે, એક વખત હેલિકોપ્ટર દ્વારા લંડન શહેરની સફર કર્યા પછી તેમણે લંડનના લગભગ ચાર ચોરસ માઈલ વિસ્તારનું ખૂબ જ વિગતવાર ચિત્ર દોર્યું હતું. તેમણે ન્યૂયોર્ક શહેરનું પણ એક વિશાળ ચિત્ર બનાવ્યું હતું. આ ચિત્ર લગભગ ૧૯ ફૂટ લાંબું હતું અને તેમાં ન્યૂયોર્ક શહેરનો લગભગ ૩૦૫ ચોરસ માઈલ વિસ્તાર દર્શાવવામાં આવ્યો હતો. આટલું મોટું ચિત્ર તેમણે માત્ર ૨૦ મિનિટની હેલિકોપ્ટર સફર પછી પોતાની યાદશક્તિના આધારે બનાવ્યું હતું.





સ્ટીફન માત્ર વાસ્તવિક સ્થળોનાં જ ચિત્રો નથી દોરતા, પરંતુ પોતાની કલ્પનાથી પણ ચિત્રો બનાવે છે. ઉદાહરણ તરીકે, તેમણે સેન્ટ પોલ્સ કેથેડ્રલને આગની જ્વાળાઓથી ઘેરાયેલું હોય એવું કલ્પિત ચિત્ર પણ બનાવ્યું છે. સ્ટીફનની આ અદ્ભુત યાદશક્તિ અને ચિત્રકામની કળા તેમને વિશ્વના અનોખા કલાકારોમાં સ્થાન આપે છે. ૨૦૦૩માં સ્ટીફન વિલ્ટશાયરના બનાવેલા ચિત્રોનું એક ખાસ પ્રદર્શન લંડનના ટ્વિકનહામ વિસ્તારમાં આવેલી ઓર્લિયન્સ હાઉસ ગેલેરીમાં યોજાયું હતું. આ પ્રદર્શનનું નામ “Not a Camera: The Unique Vision of Stephen Wiltshire” હતું. તેમાં તેમના ઘણા અદ્ભુત ચિત્રો રજૂ કરવામાં આવ્યા હતા. મે ૨૦૦૫માં સ્ટીફને ટોક્યો શહેરનું અત્યાર સુધીનું પોતાનું સૌથી લાંબું ચિત્ર બનાવ્યું.

હેલિકોપ્ટરમાંથી ટોક્યો શહેરને જોયા પછી તેમણે માત્ર સાત દિવસમાં એક વિશાળ કેનવાસ પર આ ચિત્ર બનાવ્યું. આ કેનવાસ લગભગ ૩૨.૮ ફૂટ (૧૦ મીટર) લાંબો હતો.

ત્યાર પછી સ્ટીફને દુનિયાનાં ઘણાં પ્રસિદ્ધ શહેરોનાં વિશાળ ચિત્રો બનાવ્યાં. તેમાં રોમ, હોંગકોંગ, ફ્રેન્કફર્ટ, મેડ્રિડ, દુબઈ, જેરુસલેમ અને લંડન જેવા શહેરોનો સમાવેશ થાય છે. રોમ શહેરનું ચિત્ર બનાવતી વખતે તેમની અદ્ભુત યાદશક્તિ જોવા મળી. તેમણે રોમના પ્રસિદ્ધ પેન્થિઓનની ઇમારતનું એટલી બારીકાઈથી ચિત્ર દોર્યું કે તેમાં રહેલા કોલમની ચોક્કસ સંખ્યા પણ સાચી રીતે દર્શાવી. સ્ટીફનની ખાસિયત એ છે કે તેઓ કોઈ શહેરને થોડા સમય માટે જોયા પછી તેની ઘણી નાની-નાની વિગતો પણ યાદ રાખી શકે છે અને પછી પોતાની યાદશક્તિના આધારે તેને વિશાળ અને સુંદર ચિત્રમાં રજૂ કરી શકે છે.

ઓક્ટોબર ૨૦૦૯માં સ્ટીફન વિલ્ટશાયરે શહેરોનાં વિશાળ ચિત્રોની શ્રેણીનું એક મહત્વપૂર્ણ ચિત્ર પૂર્ણ કર્યું. આ ચિત્ર તેમણે પોતાના “આધ્યાત્મિક ઘર” ન્યૂયોર્ક શહેરનું બનાવ્યું હતું. સ્ટીફને હેલિકોપ્ટરમાંથી લગભગ ૨૦ મિનિટ સુધી ન્યૂયોર્ક શહેરને જોયું. ત્યાર પછી તેમણે પોતાની અદ્ભુત યાદશક્તિના આધારે શહેરનું ચિત્ર દોરવાનું શરૂ કર્યું. તેમણે આ વિશાળ ચિત્રને પૂર્ણ કરવામાં પાંચ દિવસ લીધા. આ ચિત્ર લગભગ ૧૮ ફૂટ (૫.૫ મીટર) લાંબું છે. ચિત્રમાં ન્યૂયોર્કના ઘણા મહત્વપૂર્ણ સ્થળો દર્શાવવામાં આવ્યા છે, જેમ કેઃ

- મેનહટન
- ન્યૂ જર્સીની હડસન નદીનો કિનારો
- ફાઇનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ
- એલિસ આઇલેન્ડ
- સ્ટેચ્યુ ઓફ લિબર્ટી
- બ્રુકલિન

સ્ટીફને આ ચિત્ર ન્યૂયોર્ક શહેરની પ્રેટ ઇન્સ્ટિટ્યૂટ નામની કલા અને ડિઝાઇનની સંસ્થામાં પાંચ દિવસ દરમિયાન બનાવ્યું હતું. આ વિશાળ ચિત્ર હવે ન્યૂયોર્કની પ્રસિદ્ધ એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગના ૮૬મા માળે આવેલા ઓબ્ઝર્વેશન ડેક પર રાખવામાં આવ્યું છે. આ ચિત્ર સ્ટીફનની અદ્ભુત યાદશક્તિ, નિરીક્ષણ શક્તિ અને ચિત્રકામની પ્રતિભાનું સુંદર ઉદાહરણ છે.





૨૦૧૦માં સ્ટીફન વિલ્ટશાયરે સિડની શહેરનું એક વિશાળ પેનોરમા ચિત્ર બનાવ્યું હતું. આ ચિત્ર બનાવવાનો હેતુ Autism Spectrum Australia (Aspect) નામની સંસ્થા માટે પૈસા એકત્ર કરવા અને લોકોમાં ઓટિઝમ વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. તે જ સમય દરમિયાન સ્ટીફન બર્મુડા નેશનલ ગેલેરીમાં પણ ગયા હતા. તેમણે બર્મુડાના હેમિલ્ટન શહેરનું એક ચિત્ર દાનમાં આપ્યું. આ ચિત્ર વેચવામાં આવ્યું અને તેમાંથી ૨૨,૦૦૦ ડોલરથી વધુ રકમ એકત્ર થઈ. જૂન ૨૦૧૦માં પ્રસિદ્ધ ક્રિસ્ટીઝ નામની હરાજી સંસ્થાએ સ્ટીફનનું “ટાઇમ્સ સ્ક્વેર એટ નાઇટ” નામનું તેલચિત્ર હરાજીમાં વેચ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૧૦માં સ્ટીફને ચીનની મુલાકાત શરૂ કરી. તેમની ચીનની આ સફરનો પહેલો પ્રોજેક્ટ શાંઘાઈ શહેરમાં હતો. આ રીતે સ્ટીફને પોતાની ચિત્રકામની કળા દ્વારા માત્ર દુનિયાનાં શહેરોને સુંદર રીતે રજૂ કર્યા નથી, પરંતુ વિવિધ સંસ્થાઓ માટે મદદ એકત્ર કરવામાં અને લોકોમાં જાગૃતિ ફેલાવવામાં પણ મહત્વનું યોગદાન આપ્યું છે.

૨૦૧૧માં સ્ટીફન વિલ્ટશાયરે ન્યૂયોર્ક શહેરનું એક ખૂબ જ વિશાળ પેનોરમા ચિત્ર બનાવ્યું હતું. તેમણે શહેરને થોડા સમય માટે જોયા પછી પોતાની અદ્ભુત યાદશક્તિના આધારે આ ચિત્ર તૈયાર કર્યું હતું.

આ ચિત્ર એટલું મોટું છે કે તેને ન્યૂયોર્કના જહોન એફ. કેનેડી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લગભગ ૨૫૦ ફૂટ (૭૬ મીટર) લાંબા વિશાળ બિલબોર્ડ પર દર્શાવવામાં આવ્યું છે. આ ચિત્ર સ્વિટ્ઝર્લેન્ડની બેંક UBSની એક વિશ્વવ્યાપી જાહેરાત ઝુંબેશનો ભાગ હતું. આ ઝુંબેશનો સંદેશ હતો - "We will not rest", એટલે કે "અમે આરામ કરીશું નહીં." સ્ટીફનનું આ વિશાળ ચિત્ર તેમની અસાધારણ યાદશક્તિ અને ચિત્રકામની પ્રતિભાનું એક સુંદર ઉદાહરણ છે. એ જ વર્ષે, ૨૦૧૧માં, સ્ટીફન વિલ્ટશાયર લોકપ્રિય ટેલિવિઝન કાર્યક્રમ "ટોપ ગિયર"માં પણ જોવા મળ્યા હતા. આ રીતે સ્ટીફનની કળા માત્ર આર્ટ ગેલેરીઓ સુધી મર્યાદિત રહી નહોતી, પરંતુ એરપોર્ટ જેવા જાહેર સ્થળો અને ટેલિવિઝન કાર્યક્રમો દ્વારા પણ લાખો લોકો સુધી પહોંચી હતી.

જુલાઈ ૨૦૧૪માં સ્ટીફન વિલ્ટશાયર સિંગાપોર ગયા હતા. તેમણે હેલિકોપ્ટરમાંથી સિંગાપોર શહેરને થોડા સમય માટે જોયું. ત્યાર પછી તેમણે પોતાની અદ્ભુત યાદશક્તિના આધારે સિંગાપોરના આકાશમાંથી દેખાતા શહેરનું વિશાળ ચિત્ર બનાવ્યું. આ ચિત્રનું કદ ૧ મીટર × ૪ મીટર હતું. તેને પૂર્ણ કરવામાં સ્ટીફનને માત્ર પાંચ દિવસ લાગ્યા.૨૦૧૫માં સિંગાપોરની ૫૦મી વર્ષગાંઠની ઉજવણીના પ્રસંગે આ ચિત્ર સિંગાપોરના રાષ્ટ્રપતિ ટોની ટેનને ભેટ તરીકે આપવામાં આવ્યું. આ ભેટ Singapore Press Holdings (SPH) તરફથી સિંગાપોર દેશ માટે આપવામાં આવી હતી. આજે આ ચિત્ર સિંગાપોર સિટી ગેલેરીમાં રાખવામાં આવ્યું છે. આ ગેલેરી સિંગાપોરની શહેર આયોજન સંસ્થા Urban Redevelopment Authorityના મુલાકાતી કેન્દ્રનો ભાગ છે.

સ્ટીફન વિલ્ટશાયરના જીવન અને તેમની અદ્ભુત કળા પર આધારિત એક લાંબી ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બનાવવામાં આવી હતી. તેનું નામ "Billions of Windows" છે. આ ડોક્યુમેન્ટરીનું પ્રથમ પ્રદર્શન ૧૩ નવેમ્બર ૨૦૧૯ના રોજ લંડનમાં થયું હતું. સ્ટીફન વિલ્ટશાયરની આ સિદ્ધિઓ બતાવે છે કે તેમની અસાધારણ યાદશક્તિ અને ચિત્રકામની પ્રતિભાએ તેમને દુનિયાભરમાં ઓળખ અપાવી છે. સ્ટીફન વિલ્ટશાયરની અદ્ભુત ચિત્રકામની કળા વિશે ઘણા ટેલિવિઝન કાર્યક્રમો અને ડોક્યુમેન્ટરી બનાવવામાં આવ્યા છે. તેમાં "The Human Camera" નામની ડોક્યુમેન્ટરી પણ સામેલ છે. પ્રસિદ્ધ ન્યુરોલોજિસ્ટ ઓલિવર સેક્સે પણ પોતાના પુસ્તક "An Anthropologist on Mars"માં સ્ટીફન વિશે લખ્યું હતું. આ પુસ્તકમાં તેમણે અસાધારણ પ્રતિભા ધરાવતા લોકો વિશેના એક અધ્યાયમાં સ્ટીફનની વાત કરી છે. ૧૯૮૯માં સ્ટીફન "You" મેગેઝિનના કવર પર પ્રસિદ્ધ અભિનેતા ડસ્ટિન હોફમેન સાથે જોવા મળ્યા હતા. ડસ્ટિન હોફમેને ૧૯૮૮ની પ્રસિદ્ધ ફિલ્મ "Rain Man"માં રેમન્ડ બેબિટ નામનું પાત્ર ભજવ્યું હતું. સ્ટીફનને આ ફિલ્મ ખૂબ ગમે છે અને તે તેમની મનપસંદ ફિલ્મોમાંની એક છે.

૨૦૦૬માં સ્ટીફન વિલ્ટશાયરને કળાના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ બ્રિટનનું પ્રતિષ્ઠિત સન્માન MBE (Member of the Order of the British Empire) આપવામાં આવ્યું. એ જ વર્ષે, સપ્ટેમ્બર ૨૦૦૬માં, સ્ટીફને લંડનના પેલ મોલમાં આવેલી રોયલ ઓપેરા આર્કેડમાં પોતાની કાયમી આર્ટ ગેલેરી શરૂ કરી. આ સન્માન અને સિદ્ધિઓ દર્શાવે છે કે સ્ટીફનની અદ્ભુત ચિત્રકામની પ્રતિભાને સમગ્ર દુનિયામાં માન અને ઓળખ મળી છે. ૧૫ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ, અમેરિકાની ABC News સંસ્થાએ સ્ટીફન વિલ્ટશાયરને "Person of the Week" તરીકે પસંદ કર્યા હતા. આ તેમના અસાધારણ ચિત્રકામ અને પ્રતિભાની નોંધ લેતું એક મહત્વનું સન્માન હતું. જુલાઈ ૨૦૦૯માં, સ્ટીફને યુનાઇટેડ કિંગડમમાં યોજાયેલા Children's Art Day માટે એમ્બેસેડર તરીકે પણ કામ કર્યું હતું. આ કાર્યક્રમનો હેતુ બાળકોમાં કલા અને ચિત્રકામ પ્રત્યે રસ વધારવાનો હતો. ૨૦૧૧માં, સ્ટીફનને Society of Architectural Illustrators (SAI)ના માનદ સભ્ય બનાવવામાં આવ્યા. આ સંસ્થા ઇમારતો અને સ્થાપત્યનાં ચિત્રો બનાવતા કલાકારો સાથે જોડાયેલી છે. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૧૫માં, તેમને The Scottish Society of Architect Artistsના પણ માનદ સભ્ય બનાવવામાં આવ્યા. આ સન્માનો બતાવે છે કે સ્ટીફન વિલ્ટશાયરની ચિત્રકામની પ્રતિભાને કલા અને સ્થાપત્યના ક્ષેત્રમાં ખૂબ માન મળ્યું છે.

સ્ટીફન ઓટિઝમ ધરાવે છે અને તેમને સંવાદ કરવામાં પડતી મુશ્કેલીઓ કદાચ તેમની કલાત્મક સફળતાનું એક કારણ હોઈ શકે છે.ઓટિઝમ સ્પીક્સ (Autism Speaks)ના મુખ્ય વૈજ્ઞાનિક અધિકારી

અને યુનિવર્સિટી ઓફ નોર્થ કેરોલિના, ચેપલ હિલ ખાતે મનોચિકિત્સાના સંશોધન પ્રોફેસર ડો. જેરાલ્ડિન ડોસને આ બાબત સમજાવી હતી. "ઓટિઝમ એ મગજના વિકાસ સાથે સંબંધિત એક સ્થિતિ છે, જે જીવનના પ્રારંભિક તબક્કામાં જોવા મળે છે. તેમાં સામાજિક વ્યવહારના ક્ષેત્રમાં મુશ્કેલીઓ થઈ શકે છે, જેમ કે ચહેરાના હાવભાવને સમજવામાં, સમવયસ્કો સાથે સંબંધો બનાવવામાં અને એકંદરે સંવાદ કરવામાં પડતી મુશ્કેલીઓ."

ડો. ડોસને જણાવ્યું હતું: "ઓટિઝમ સાથે અનેક પડકારો જોડાયેલા હોય છે. પરંતુ તેની સાથે કેટલીક અનોખી ક્ષમતાઓ પણ જોવા મળે છે. સ્ટીફન એવા વ્યક્તિઓમાંના એક છે, જેમને ઓટિઝમ હોવા છતાં કળાના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રતિભા પ્રાપ્ત છે. તેમની દૃશ્ય યાદશક્તિ પણ ખરેખર અસાધારણ છે." ઓટિઝમ મગજના કેટલાક ભાગો વચ્ચેની માહિતીના સંચાર અને પ્રક્રિયાને અસર કરી શકે છે. આને કારણે માહિતી સમજવા અને પ્રક્રિયા કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં આ પ્રકારની મગજની કાર્યપદ્ધતિ સ્ટીફનને પોતાના ચિત્રોમાં રહેલી નાની-નાની વિગતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદરૂપ થઈ શકે છે.

ઓટિઝમ ધરાવતી વ્યક્તિ મગજના દૃશ્ય સમજણ સાથે જોડાયેલા કેટલાક મૂળભૂત ભાગોનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકે છે. આ દરમિયાન ભાષા સાથે સંકળાયેલા અને મગજના અન્ય ઉચ્ચ સ્તરના ભાગોમાંથી થતો વિક્ષેપ ઓછો હોઈ શકે છે, જે તેમને કોઈ દૃશ્યને જોઈને તેને સમજવામાં અને ફરીથી દોરવામાં મદદ કરી શકે છે." ઓટિઝમ ન ધરાવતી વ્યક્તિ કોઈ દૃશ્ય જોતી વખતે અનેક વિચારોમાં ભટકી શકે છે-જેમ કે, "આ ઇમારતો આટલી નજીક કેમ છે? આ નાની ઇમારત આટલી ઊંચી ઇમારતોની વચ્ચે કેવી રીતે આવી? નીચે ક્યાંક ખાવા માટે સારી જગ્યા હશે?" પરંતુ સ્ટીફન વિલ્ટશાયરનું ધ્યાન આવા અન્ય વિચારોમાં ભટકવાને બદલે દૃશ્યની નાની-નાની વિગતો પર કેન્દ્રિત રહી શકે છે. આ રીતે તેઓ જોયેલા દૃશ્યની રચના અને વિગતોને યાદ રાખીને તેને અત્યંત સચોટ રીતે ચિત્રમાં રજૂ કરી શકે છે.

:"જ્યારે આપણે સ્ટીફન જેવા લોકોને જોઈએ છીએ અને તેમની વિશિષ્ટ ક્ષમતાઓને નિહાળીએ છીએ, ત્યારે આપણને સમજાય છે કે આપણા મગજમાં અદ્ભુત ક્ષમતાઓ રહેલી છે, જેનો કદાચ આપણામાંથી મોટાભાગના લોકો સંપૂર્ણ રીતે ઉપયોગ કરી શકતા નથી. આ આપણને માનવ મગજની અસાધારણ ક્ષમતા વિશે ઘણું શીખવે છે." જ્યારે સ્ટીફન કોઈ શહેર કે દૃશ્ય જુએ છે, ત્યારે તેઓ તેને માત્ર થોડા સમય માટે જ નહીં, પરંતુ લાંબા સમય સુધી પોતાની યાદશક્તિમાં જાળવી શકે છે. તેઓ તેને જાણે કોઈ પ્રવાસીએ ડિજિટલ કેમેરાથી તસવીર ખેંચી હોય તેમ પોતાની યાદશક્તિમાંથી ફરીથી યાદ કરી શકે છે અને ચિત્રમાં ઉતારી શકે છે.





સ્ટીફને પોતાના વિશે સ્વમુખે કહેલી વાત વાંચીશું તો ખ્યાલ આવશે કે આ માનવીએ પોતાની કમીનો કેવો હકારાત્મક ઉપયોગ કર્યો અને વિશ્વભરમાં પોતાની કલાને પરચો આપ્યો. સત સત સલામ સ્ટીફનને અને તેને ઉછેરનાર તેની માતાને.

- હું જે ઘરમાં મોટો થયો તે ઘર...

- લંડનના લિટલ વેનિસ, મેઇડા વેલમાં આવેલું છે. ત્યાં કેટલાક સુંદર ઘરો છે — વૈભવી ફ્લેટ્સ, નૌકાઓ અને બાર્જીસ, તેમજ મારી મમ્મીનું ઘર.
- બાળપણમાં હું બનવા માંગતો હતો...
- એક કલાકાર, જે પેન અને પેન્સિલથી ચિત્રો દોરે. હું ઇમારતો, પેન્ટહાઉસ, ગગનચુંબી ઇમારતો, કેનેરી વોર્ફ, ન્યૂયોર્ક, એલ.એ. અને શિકાગોની સ્થાપત્ય ડિઝાઇન બનાવતો હતો. મને ક્લાસિક અમેરિકન કારોનાં ચિત્રો દોરવામાં પણ રસ પડ્યો.
- મારા જીવનને કાયમ માટે બદલી નાખનાર ક્ષણ...
- જ્યારે હું લંડનની ક્વીન્સમિલ સ્કૂલમાં ભણતો હતો. હું પહેલાં પ્રાણીઓનાં ચિત્રો દોરતો હતો, પરંતુ સાત વર્ષની ઉંમરે અચાનક મને લંડનની પ્રખ્યાત ઇમારતો અને સ્થળોમાં ખૂબ રસ પડવા લાગ્યો. મારા શિક્ષક ક્રિસ મેરિસ મને આ સ્થળો જોવા માટે બહાર લઈ જતા. ૧૪ વર્ષની ઉંમરે મને વિકસતા કેનેરી વોર્ફનાં ચિત્રો દોરવાનું કામ મળ્યું.
- મારી સૌથી મોટી પ્રેરણા...
- શાળામાં મારી સંભાળ રાખનારા શિક્ષકો. ક્રિસ મેરિસ ખૂબ જ સારા માણસ હતા; તેમણે મને ઘણું શીખવ્યું.
- જો હું મારા વિશે એક વસ્તુ બદલી શકું તો...
- ખાસ કંઈ નહીં. મને શેરીઓમાં ફરવું, નવા વિચારો વિચારવા, મારા મેગેઝિન ખરીદવા અને ચિત્રો દોરવા ગમે છે.
- રાત્રે હું સપનાં જોઉં છું કે...
- હું રીજન્ટ સ્ટ્રીટના હેમલીઝ સ્ટોરમાં છું અને ત્યાં ૧૯૭૦ના દાયકાની ક્લાસિક કારનાં તમામ મોડલ શોધી રહ્યો છું; સિયેના મિલર જેવી જાણીતી વ્યક્તિઓનાં ચિત્રો દોરી રહ્યો છું; મારા મનપસંદ મ્યુઝિક વીડિયો જોઈ રહ્યો છું; મારી પોતાની કાર ચલાવી રહ્યો છું — અને ચબેવર્લી હિલ્સ ૯૦૨૧૦ની અભિનેત્રી જેની ગાર્થને કારમાં ફરવા લઈ જઈ રહ્યો છું.
- જ્યારે હું અરીસામાં જોઉં છું ત્યારે...
- મને લાગે છે કે હું સારો દેખાવ ધરાવતો અને ખુશમિજાજ યુવાન છું.
- મારા મનપસંદ સ્ટાઇલ આઇકન્સ...
- જેમ્મા કિડ, કેમેરોન ડિયાઝ, ચાર્લિઝ થેરોન અને Friendsના મેટ લેબ્લાંક. ઉપરાંત એડમ ગાર્સિયા અને વિલ સ્મિથ. મને હજુ પણ ૧૯૮૦ના દાયકાના અંત અને ૧૯૯૦ના દાયકાની શરૂઆતની ફેશન ગમે છે.
- જે દુકાન પાસેથી હું પસાર થઈ શકતો નથી...
- પહેલાં ત્યાં વૂલવર્થ્સ હતું અને હવે હેમલીઝ છે. હું WH Smithમાં પણ હંમેશાં મારા મેગેઝિન ખરીદવા માટે જાઉં છું.
- મારા જીવનમાં પરિવર્તન લાવનાર પુસ્તક...
- લંડનની સ્થાપત્યકલા વિશેનું એક પુસ્તક છે, જે મને ક્રિસમસ પર મળ્યું હતું.
- મારી મનપસંદ કલાકૃતિ...
- રિચર્ડ એસ્ટીસની લગભગ કોઈપણ કૃતિ. તેમનાં ચિત્રો વાસ્તવિક વસ્તુ જેવા લાગે છે.
- મારો મનપસંદ કપડાનો પહેરવેશ...
- મને સૂટ, ટાઇ અને શર્ટ ગમે છે અને કેટલીકવાર કાર્યક્રમોમાં હું મારો ડિનર સૂટ પહેરું છું. તે મારા પર ખૂબ સરસ લાગે છે.
- કાશ, મેં ક્યારેય ન પહેર્યું હોત...

- હોંગકોંગમાં હેલિકોપ્ટરમાંથી નીચે ઉતરતી વખતે પહેરેલી એ ટોપી. તે સરકીને મારા નાક પર આવી ગઈ હતી, તેથી મને કંઈ દેખાતું નહોતું અને બીજા દિવસે અખબારોમાં તેના ફોટા પણ આવ્યા હતા.

• ફેશનમાં ન હોય છતાં...

- મને ઘરે ચંપલ પહેરવાનું ગમે છે. હું ઘરે હંમેશાં ચંપલ પહેરું છું. ચાલતી વખતે મારા પગ ગંદા ન થાય અને ચંપલ વધુ આરામદાયક લાગે છે.

• તમને ખબર નહીં હોય, પરંતુ હું આમાં ખૂબ સારો છું...

- પિયાનો વગાડવામાં, ગાવામાં અને સંગીતની નોટ્સ જોઈને તરત વગાડવામાં. હું બેન ઈ. કિંગનું "Stand by Me" અને સેમ કૂકનું "Wonderful World" ખૂબ સારી રીતે વગાડી શકું છું. મારી બહેનના લગ્નમાં મેં સ્ટીવી વન્ડરનું "My Cherie Amour" પણ ગાયું હતું.

• તમને કદાચ ખબર નહીં હોય, પરંતુ હું આમાં સારો નથી...

- તરવામાં. મને તરવું ગમતું નથી કારણ કે પાણી હંમેશાં ખૂબ ઠંડું હોય છે.

• જો મને થોડો સમય પોતાને માટે મળે તો...

- મને શહેરમાં ફરવું અને નવા વિચારો પર કામ કરવું ગમે છે. હું નવા વિકાસપ્રોજેક્ટ્સ જોવા જાઉં છું અથવા માત્ર DLRમાં બેસીને કેનેરી વોર્ફ જાઉં છું.

• હું મુસાફરી કરું છું...

- જાહેર પરિવહનથી. મને હજુ પણ જૂની ડબલ-ડેકર બસ વધુ ગમે છે. હું સામાન્ય રીતે ઉપરના માળે બેસું છું, કારણ કે ત્યાંથી દૃશ્ય વધુ સારું દેખાય છે. જ્યારે મને કોઈ કાર્યક્રમમાં આમંત્રણ મળે ત્યારે મને સામાન્ય રીતે લેન્ડ રોવરમાં લઈ જવામાં આવે છે. એક વખત મેં બ્રાન્ડ્સ હેચ ખાતે કાર ચલાવી હતી. ત્યારે હું ૧૭ વર્ષનો હતો. મેં ક્લચ ઘણી વખત બગાડી નાખ્યો હતો.

• મારી સૌથી કિંમતી વસ્તુ...

- મારી પ્રતિભા છે. મને લાગે છે કે હું ખૂબ પ્રતિભાશાળી છું અને હું જે કરું છું તેમાં સારો છું.

• મારી મનપસંદ ઇમારત...

- લંડનનું કેનેરી વોર્ફ ડેવલપમેન્ટ છે. ત્યાં બધું નવું છે — ન્યૂયોર્કની શૈલીની ચોરસ શેરીઓ, નવી ઓફિસો, સ્ટેશનો અને પિયાઝા. તે થોડું ભવિષ્યવાદી લાગે છે.

• મારા માટે ફિલ્મોની દુનિયામાં સૌથી ખાસ ફિલ્મ...

- Rain Man. ડસ્ટિન હોફમેન રેમન્ડ બેબિટની અને ટોમ ક્રૂઝ ચાર્લી બેબિટની ભૂમિકા ભજવે છે. રેમન્ડ કહે છે, "હું ખૂબ સારો ડ્રાઇવર છું." આ ફિલ્મ ખૂબ રમૂજી છે. તેમાં તેઓ ૧૯૪૯ની બ્યુઇક રોડમાસ્ટર કન્વર્ટિબલ કાર ચલાવે છે. રેમન્ડ એક ઓટિસ્ટિક સેવન્ટનું પાત્ર છે. મેં આ ફિલ્મ ઘણી વખત જોઈ છે.

• જે વ્યક્તિ મને ખરેખર હસાવે છે...

- Rain Manનો રેમન્ડ અને Friendsના જોય ટ્રિબિયાની તથા રોસ ગેલર.

• અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ શોધ...

- વિમાન. હું દુનિયાભરમાં ઘણી મુસાફરી કરું છું અને મને અઠવાડિયાં સુધી હોડીમાં બેસી રહેવું ગમશે નહીં.

• મારું ઘર...

- મેઇડા વેલમાં છે. મને મેઇડા વેલ ખૂબ ગમે છે. તે ખૂબ સરસ જગ્યા છે અને ત્યાંથી પેલ મોલમાં આવેલી મારી ગેલેરી સુધી પહોંચવું પણ સરળ છે.

• મેં છેલ્લે ખરીદેલા અથવા ડાઉનલોડ કરેલા આલ્બમ...

- કેન્યે વેસ્ટ, બેયોન્સે, રિહાના, ઓલ સેન્ટ્સ, કૂલ એન્ડ ધ ગેંગ, એપલટન અને બેકસ્ટ્રીટ બોયઝના હતા. મારું iPod હમણાં જ બંધ થઈ ગયું છે.

• આજથી ૧૦ વર્ષ પછી હું આશા રાખું છું કે...

- મારું પોતાનું પેન્ટહાઉસ હોય અને હું મારા મિત્રો સાથે આનંદપૂર્વક ત્યાં રહેતો હોઉં.

• મારો સૌથી મોટો અફસોસ...

- મારા પિતાને ફરીથી મળી ન શકવાનો છે. જ્યારે હું નાનો હતો ત્યારે એક અકસ્માતમાં તેમનું અવસાન થયું હતું. મને તેમની ખૂબ યાદ આવે છે.

• મારા જીવનને સાત શબ્દોમાં કહું તો...

- હું જે સૌથી સારું કરી શકું છું તે જ કરતો રહું - ચિત્રો દોરતો રહું.

"જ્યાં શબ્દો અટકી ગયા, ત્યાં કલાએ વાત કરી" તે વાતને સૂપેરે સમજાવનાર સ્ટીફન વિલ્ટશાયરન અને તેની માતા જિનીવા વિલ્ટશાયરને સત સત વંદન.

oooooooooooooooooooo